**આજનો સુવિચાર**

ખોટા પ્રશ્નનો શ્રેષ્ઠ ઉત્તર એટલે મૌન, અને કપરા સમયથી શ્રેષ્ઠ પ્રતિક્રિયા એટલે સ્મિત

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૦૮ જૂનાગઢ તા.૧૯-૮-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 208, Junagadh : Date : 19 August, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## સોશિયલ મિડીયા પર અશ્લિલ પોસ્ટ મુકી તો ખૈર નહી રહે

નવી દિલ્હી તા. ૧૯ : સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર અશ્લીલ અને અપમાનજનક પોસ્ટ પોસ્ટ કરવા અંગે એક મહત્વપૂર્ણ વાત કહી છે. એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈપણ પ્રકારની અપમાનજનક અને અશ્લીલ પોસ્ટ કરવા પર પરિણામ ભોગવવું પડી શકે છે. ઉપરાંત, આવા કિસ્સાઓમાં માત્ર માફી માંગવી એ ફોજદારી કાર્યવાહીને માફ કરવા માટે પૂરતું નથી. સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરવા બદલ અભિનેતા અને તમિલનાડુના ભૂતપૂર્વ ધારાસભ્ય એસ વે શેખર રાવ સામેનો કેસ રદ કરવાનો ઈનકાર કર્યો હતો. આ પોસ્ટમાં મહિલા પત્રકારો વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી.

સુપ્રિમ કોર્ટે ૭૨ વર્ષીય અભિનેતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી.

ફેસબુક પર એક પોસ્ટ શેર કર્યા બાદ શેખર વિરુદ્ધ તમિલનાડુમાં અનેક કેસ નોંધાયા હતા. શેખરના વકીલે કહ્યું કે, ભૂલનો અહેસાસ થતાં અભિનેતાએ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. આ સાથે બિનશરતી માફી પણ માંગવામાં આવી હતી. તેણે એમ પણ ઉમેર્યું હતું કે અભિનેતાએ અજાણતાં કોઈ અન્યની પોસ્ટ વાંચ્યા વિના શેર કરી હતી કારણ કે તે સમયે તેની દ્રષ્ટિ અસ્પષ્ટ હતી.

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે વ્યકિતએ ખૂબ કાળજી લેવી જોઈએ. સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો જરૂરી નથી પરંતુ જો કોઈ તેનો ઉપયોગ કરતું હોય તો તેણે પરિણામ ભોગવવા તૈયાર રહેવું જોઈએ તેમ કોર્ટે કહ્યું હતું.

## ટવિટરમાંથી બ્લોક ફીચર દુર કરાશે

વોશીંગ્ટન તા. ૧૯

ઈલોન મસ્કએ ગઈકાલે તેની બિઝનેસ પ્લાનની જાહેરાત કરી હતી, જેમાં મસ્કે કહ્યું હતું કે તે (ટ્વિટર)માંથી બ્લોકીંગ ફીચરને દૂર કરવા માટે કામ કરી રહ્યા છીએ. આ સાથે મસ્કે કહ્યું હતું કે આ ફીચરના સ્થાને નવું ટૂલ ઉમેરાશે.

ઈલોન મસ્ક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ટ્વિટર)ને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. છેલ્લા ઘણા સમયથી (ટ્વિટર) નવા નવા ફેરફારો થઈ રહ્યા છે, ત્યારે હવે ટવિટરના CEOએ હવે નવી જાહેરાત કરી છે જેમાં તેણે કહ્યું કે ટ્વિટરમાંથી બ્લોકીંગ ફીચરને દૂર કરવા માટે કામ કરી રહ્યા છે.

## સનાતન સંઘનાં પ્રમુખ ઉપદેશ રાણાને આઈએસ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી

અમદાવાદ તા. ૧૯

સનાતન સંઘના પ્રમુખ ઉપદેશ રાણાને દાઉદ ગેંગ અને ISIS તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી હતી, જેથી ઉપદેશ રાણાએ વકીલ સુલેમાન લબ્બાઈ મારફત ગુજરાત હાઈકોર્ટમાં કેન્દ્રીય અને રાજ્યની સુરક્ષા એજન્સીઓને દેશભરમાં તેઓ જ્યાં જાય ત્યાં સુરક્ષા પૂરી પાડવા પરમાદેશ રિટ જાહેર કરવા અરજી કરી હતી. એ મામલે ગુજરાત હાઈકોર્ટે અરજદારની અરજીને ધ્યાનમાં રાખીને હુકમ કર્યો હતો કે અરજદાર ઉપરોક્ત અરજી સંદર્ભે સુરક્ષા મેળવવા ૧૦ દિવસમાં ઓથોરિટીને અરજી કરશે તેમજ ઓથોરિટી ૬ અઠવાડિયાંમાં એ અરજી પર નિર્ણય કરશે.

ઉપદેશ રાણાને દાઉદ ગેંગ અને ISIS તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ગુજરાતમાં ઉપદેશ રાણાની ૧૦ FIR નોંધાયેલી છે, જેમાં નરોડા પોલીસ મથકે પણ ફરિયાદ નોંધાયેલી છે.

ઉપદેશ રાણા સુરતમાં રહે છે, જે કમલેશ તિવારી સાથે કામ કરતા હતાં. ૨૦૧૯માં લખનૌ ખાતે કમલેશ તિવારીની હત્યા કરવામાં આવી હતી. ઉપરાંત બીજા સાથી કિશન ભરવાડની પણ અમદાવાદ જિલ્લાના ધંધૂકામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

ઉપદેશ રાણાએ જણાવ્યું હતું કે અમદાવાદમાં તેની ગાડીનો પીછો ISIS આતંકી સંગઠનના માણસોએ કર્યો હતો. કાગડાપીઠમાં પણ તેનો પીછો કરાયો હતો. બંને સાથીની હત્યા બાદ ઈન્વેસ્ટિગેશન એજન્સીઓ અને ખાસ કરીને સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરોના અહેવાલ પ્રમાણે ઉપદેશ રાણાને કટ્ટરપંથી લઘુમતીઓથી જીવનું જોખમ છે, એવું સાબિત થયું છે. ઉપદેશ રાણાનું આતંકવાદી સંગઠનોના હિટ લિસ્ટમાં નામ છે.

## લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષનાં ગઠબંધનમાં તિરાડનાં સંકેતો રાજસ્થાનની ચૂંટણીમાં આપ કોંગ્રેસનો ખેલ બગાડશે ?

નવી દિલ્હી તા. ૧૯

દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે આ ચૂંટણી માટે વિપક્ષ ગઠબંધન 'I.N.D.I.A.' એક થઈ ગયું છે જેમાં આમ આદમી પાર્ટીએ પણ હાથ મિલાવ્યા છે. જો કે આ વચ્ચે ગઠબંધનમાં તકરાર સામે આવી રહી છે. દિલ્હી અને પંજાબમાં કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી લેનાર આમ આદમી પાર્ટી દ્વારા રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં તમામ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. દેશમાં આગામી વર્ષે યોજાનાર લોકસભાની ચૂંટણી પહેલા પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી ગઠબંધન માટે લિટમસ ટેસ્ટ સાબિત થશે. આ માટે તમામ રાજકીય પાર્ટીઓએ તૈયારી શરુ કરી દીધી છે ત્યારે વિપક્ષી ગઠબંધન 'I.N.D.I.A.' લોકસભા ચૂંટણી માટે એકબીજા સાથે હાથ મિલાવ્યા છે જો કે આ ગઠબંધનમાં હવે ભંગાણ થાય તેવુ લાગી રહ્યું છે. આ સાથે જ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે પક્ષો વચ્ચે ટક્કર પણ થશે. દિલ્હી અને પંજાબમાં કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી લેનાર આમ આદમી પાર્ટીએ હવે રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં તમામ ૨૦૦ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. પાર્ટી ટૂંક સમયમાં તેમના ઉમેદવારોની જાહેરાત પણ કરવા જઈ રહી છે. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર ધરાવતા રાજ્યમાં ત્રીજી પાર્ટીના પ્રવેશથી રાજકીય સમીકરણો બદલાઈ શકે છે. આપની તમામ ૨૦૦ બેઠકો પર ચૂંટણી લડવી એ કોંગ્રેસ માટે વધુ ટેન્શનનો વિષય બની શકે છે, કારણ કે દિલ્હી, પંજાબ, ગોવાથી લઈને ગુજરાત સુધી એવું જોવા મળ્યું છે કે અરવિંદ કેજરીવાલની પાર્ટીએ કોંગ્રેસની વોટ બેંક કબજે કરી છે. આમ આદમી પાર્ટી રાજસ્થાનના પ્રદેશ અધ્યક્ષ નવીન પાલીવાલે ગઈકાલે કહ્યું કે તેમની પાર્ટી ૨૦૦ બેઠકો પર વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહી છે. તેમણે એમ પણ જણાવ્યું કે ૨૨ ઓગસ્ટે રાષ્ટ્રીય સંગઠન મંત્રી સંદીપ પાઠકે દિલ્હીમાં બેઠક બોલાવી છે. ઉમેદવારોની પસંદગી કર્યા બાદ આ યાદી રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને સોંપવામાં આવશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ૨૫ ઓગસ્ટ સુધીમાં 'આપ'ની પ્રથમ યાદી બહાર પાડવામાં આવશે. કોંગ્રેસ અને આપ સહિત ૨૬ પક્ષોના ગઠબંધન 'I.N.D.I.A.'માં સામેલ છે. પટના અને બેંગલુરુમાં યોજાયેલી બેઠકોમાં બંને પક્ષો એક મંચ પર આવી ચૂંક્યા છે. જોકે મુંબઈમાં યોજાનારી ત્રીજી બેઠક પહેલા બંને પક્ષો વચ્ચે ટક્કર પણ જોવા મળી રહી છે. દિલ્હી, પંજાબ, ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાં બંને પક્ષોના નેતાઓ એકબીજા વિરુદ્ધ ઉગ્ર નિવેદનો આપી રહ્યા છે. આ સ્થિતિમાં કોંગ્રેસ અને આપની મિત્રતાના ભવિષ્ય પર પણ સવાલો ઉઠી રહ્યા છે.

## બેંકો હવે મનમાની પેનલ્ટી - દંડ નહી વસુલી શકે : રીઝર્વ બેંકે નવા નિયમો જાહેર કર્યા

મુંબઈ, તા.૧૮: તમે હોમ લોન, ઓટો લોન, પર્સનલ લોન કે અન્ય કોઈપણ પ્રકારની લોન લીધી છે. ઘણી વખત પૈસાના અભાવે અથવા તારીખ યાદ નહી હોવાને કારણે અથવા અન્ય કારણોસર લોનના હપ્તા ભરવામાં વિલંબ થાય છે. બેંકો દ્વારા તેના પર દંડ વસૂલવામાં આવે છે અને દંડની રકમ પર પણ વ્યાજ વસૂલવામાં આવે છે. ઘણી વખત લોન ગ્રાહકને એ પણ ખબર હોતી નથી કે શા માટે દંડ વસૂલવામાં આવે છે ? રિઝર્વ બેંકે આ તમામ બાબતો પર વિચાર-વિમર્શ કર્યા બાદ અને બેંકો દ્વારા દંડ વસૂલવાની પદ્ધતિઓ જોયા બાદ નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. રીઝર્વ બેંકે કહ્યું છે કે બેંકો, એનએફબીસી અથવા અન્ય ધિરાણકર્તાઓ લોન ખાતાઓનું પાલન ન કરવા પર દંડાત્મક વ્યાજ વસૂલ કરી શકતા નથી. આરબીઆઈએ તેના સકર્યુલરમાં કહ્યું છે કે આવા દંડ પર કોઈ વ્યાજ વસૂલવામાં આવશે નહીં. રિઝર્વ બેન્કે સૂચના આપી છે કે બેન્કોએ દંડના વ્યાજને વ્યાજમાંથી કમાણીનું માધ્યમ બનાવવું જોઈએ નહીં. તેના પરિપત્રમાં, રિઝર્વ બેંકે બેંકો માટે લોન ખાતાઓમાં બિન-પાલન અને દંડ અંગેના નિયમો નક્કી કર્યા છે.

રીઝર્વ બેંકે સકર્યુલરમાં શું કહ્યું જો લોન ખાતા પર દંડ વસૂલવામાં આવ્યો હોય, તો તે દંડના ચાર્જના સ્વરૂપમાં હોવો જોઈએ, તે દંડના વ્યાજના સ્વરૂપમાં ન હોવો જોઈએ, જે લોનના વ્યાજના દરમાં ઉમેરવામાં આવે છે. બેંકો અને ધિરાણ સંસ્થાઓને વ્યાજ પર વસૂલવામાં આવતા કોઈપણ વધારાના ઘટક દાખલ કરવાની પરવાનગી નથી. નિયમિત સંસ્થાઓએ દંડાત્મક ચાર્જિસ અથવા લોન પર ફ્લેટ ચાર્જિસ અંગે બોર્ડ દ્વારા માન્ય નીતિ બનાવવી પડશે, જે પણ નામથી ઓળખાય છે. વસૂલવામાં આવેલ શિક્ષાત્મક શુલ્ક વ્યાજબી હોવા જોઈએ અને લોન ખાતાના અનુપાલન સાથે અનુરૂપ હોવા જોઈએ, બેંકો કોઈ ચોક્કસ લોન/ઉત્પાદન શ્રેણી સાથે ભેદભાવ કરી શકે નહીં.

## ૮૩ વર્ષની વૃધ્ધાએ ઈન્કમટેકસ સામેનો કેસ ૧૩ વર્ષે જીતી લીધો

નવી દિલ્હી, તા.૧૯

એક ૮૩ વર્ષિય વિધવાએ ઈન્કમટેકસ રિટર્ન (આઈટીઆર) નહી ભરવા પર ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટ તરફથી લગાવવામાં આવેલ પેનલ્ટી સામે ઈન્કમટેકસ અપિલેટ ટ્રિબ્યુનલ (આઈટીએટી)માં અપીલ કરીને કેસ જીતી લીધો છે. આઈટીએટીન દિલ્હી પીઠે મહિલાનાં પક્ષમાં પોતાનો ફેસલો આપીને મહિલા પર લગાવવામાં આવેલ દંડ રદ કરી નાખવામાં આવ્યો છે.

એક અહેવાલ મુજબ આ મામલો ૨૦૧૧-૧૨ નો છે. જયારે ગુડગાવની આ બુજુર્ગ મહિલા પોતે ગૃહીણી હોવાના કારણે ટેકસેબલ આવક ન હોવાના કારણે કયારેય પણ પોતાનું આઈટીઆર નહોતુ કર્યું. ટેકસ ડીપાર્ટમેન્ટ તરફથી પાંચ હજાર રૂપિયાની નોટીસ જોઈને ચોંકી ગઈ હતી.

મહિલાએ ડિપાર્ટમેન્ટની આ કાર્યવાહીને પડકાર આપવાનો ફેસલો કર્યો છે. આઈટીએટી સમક્ષ તેણે જણાવ્યું હતુ કે ઈન્કમટેકસ ઓફીસરે તેની આવકનું આંકલન કરવામાં ભુલ કરી છે. ઉચિત પ્રક્રિયાને પાલન પણ નથી કર્યુ.દંડનો આદેશ એકતરફી છે.આખરે આ મામલે ૧૧ વર્ષે વૃદ્ધાએ કેસ જીત્યો છે.

## વિશ્વમાં સૌથી વધુ પગાર ચુકવતા દેશોમાં સ્વિત્ઝર્લેન્ડ નં.૧ અમેરીકા ચોથા સ્થાનો, ભારતનો ૬૪મો નંબર

વોશીંગ્ટન તા. ૧૯

વિશ્વભરના દેશોમાં લોકોને સૌથી વધુ પગાર આપવાની બાબતમાં અમેરિકા અને યુરોપના મોટા વિકસિત દેશો સામે નાના દેશો આગળ જોવા મળી રહ્યા છે. વિશ્વની આર્થિક મહાસત્તા તરીકે ઓળખાતું અને સૌથી મોટી અર્થવ્યવસ્થાના ટેગ સાથે ફરતું અમેરિકા સૌથી વધુ પગાર આપતા દેશોની યાદીમાં ટોપ-૩માં પણ સ્થાન મેળવી શક્યું નથી.

વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, સૌથી વધુ માસિક સરેરાશ પગારની દ્રષ્ટિએ, સ્વિટ્ઝર્લેન્ડ, જેને યુરોપનું રમતનું મેદાન કહેવામાં આવે છે, તે પ્રથમ ક્રમે છે, જ્યાં લોકોનો સરેરાશ માસિક પગાર ૬,૨૯૮ ડોલર એટલે કે લગભગ ૫ લાખ રૂપિયા છે. આ પછી બીજા નંબર પર લક્ઝમબર્ગ છે, જ્યાં લોકોની સરેરાશ માસિક પગાર ૫,૧૨૨ ડોલર છે અને ત્રીજા નંબર પર એશિયાઈ દેશ સિંગાપુર છે, જ્યાં લોકોની સરેરાશ માસિક પગાર ૪૯૯૦ ડોલર છે. સૌથી વધુ પગાર ચૂકવવાના સંદર્ભમાં, મોટી વિકસિત અર્થવ્યવસ્થા પણ ટોપ-૩માં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી છે. જો સેલેરી આપનારા ટોપ-૧૦ દેશોની વાત કરીએ તો અમેરિકા ચોથા નંબર પર છે, જ્યાં સરેરાશ માસિક પગાર ૪૬૬૪ ડોલર એટલે કે લગભગ ૪ લાખ રૂપિયા છે. આ પછી, આઇસલેન્ડ ટોપ ૧૦માં પાંચમા નંબર પર છે, જ્યાં સરેરાશ માસિક પગાર ૪,૩૮૩ ડોલર છે. અખાતી દેશ કતાર આ યાદીમાં છઠ્ઠા નંબરે છે અને અહીં સરેરાશ માસિક પગાર ૪,૧૪૭ ડોલર છે. આ પછી, ડેનમાર્ક, નેધરલેન્ડ્સ, UAE,નોર્વે જેવા દેશોનો આ યાદીમાં સમાવેશ થાય છે.

વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, ભારત આ યાદીમાં ૬૪માં નંબર પર છે અને અહીં સરેરાશ માસિક પગાર ૫૯૪ ડોલર એટલે કે લગભગ ૪૯ હજાર રૂપિયા છે.

## અબુધાબીમાં નિર્માણાધિન સ્વામીનારાયણ મંદિરનું ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૪નાં ઉદ્‌ઘાટન થશે

અબુધાબી, તા.૧૯: બોચાસણવાસી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થા (બીએપીએસ) મંદિર અબુધાબીમાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના દિવસે ખુલ્લુ મુકવાની તૈયારીઓ થઈ ચૂકી છે. બીએપીએસ અનુસાર, વૈદિક પધ્ધતિથી થનાર ઉદઘાટન સમારોહની નોંધ હિંદુ સંસ્કૃતિ, પરંપરા અને કલાના સૌથી મોટા પ્રદર્શન તરીકે લેવામાં આવશે.

બીએપીએસના વડા મહંત સ્વામી મહારાજની દોરવણી હેઠળ સમગ્ર સમારંભની ઉજવણી થશે. અબુ મરૈખાહમાં ૨૭ એકરના પ્લોટમાં ૨૦૧૯માં આ મંદિરનો શિલાન્યાસ કરાયો હતો. ત્યારથી આ મંદિર મુસ્લીમ જગત અને સ્થાનિક ભારતીય અનુયાયીઓ જ નહિં પણ અન્ય દેશોમાં પણ ઉત્કંઠા અને રસ જગાવ્યો હતો. સ્થાનિક ભારતીય સમુદાય આ સમારંભમાં રજીસ્ટ્રેશન કરાવીને ભારતીય કલા, સંસ્કૃતિ અને વારસાનું પ્રદર્શન ૧૫ ફેબ્રુઆરીથી જોઈ શકશે.


**ફ્લેટ વેચવાનો છે**

3BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

**શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે**

એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ,
૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે
તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે
શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે.
સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

ચોક્કસ નિર્ણય પહેલા ચોક્કસ અભિપ્રાય




સુપર સ્પેશિયાલિસ્ટ સર્જનની અનુભવી ટીમ
મિનિમલ ઇન્વેઝિવ (દૂરબીનથી થતી બધી સર્જરી)
અદ્યતન સાધનો અને અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા સારવાર
કેશલેસ સુવિધા (બધાં પ્રકારની વિમા કંપનીઓ સાથે ટાઇ-અપ)
ઇન-આઉટ પેકેજ કે જેમાં દવાઓ, સર્જરીમાં વપરાતો સામાન અને ડોક્ટર વિઝિટ ચાર્જ સામેલ.
મોટાભાગે જીવનમાં દરેક વ્યકિતને એક વખત સર્જરીની જરૂર પડી શકે છે, તો ઉપરનાં પરિબળોની ચોક્કસાઇ જરૂરથી કરશો.
વધુ માહિતી માટે
95861 20202
WOCKHARDT HOSPITALS | LIFE WINS
એન એમ વિરાણી વોકહાર્ટ હૉસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત


વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

2 BHK
Premium Living....




BOOKING OPEN
સારૂ લોકેશન એ પણ તમારા બજેટ માં
ઈસ્કોન પ્રાઈમ
Booking Contact :
94291 22045
98259 42264
Site
Apple Wood Township
Vanthali Road, Junagadh
Kapil-98795 21100


C M Y K

# લોહાણા સમાજના વયોવૃધ્ધ ટ્રસ્ટીઓ માટે રાહતના સમાચાર દ્વારકા લોહાણા મહાજન ટ્રસ્ટમાં લાંબી ઈનિંગ બાદ નવા ટ્રસ્ટીઓની નિમણુંકને મંજુરીની મહોર લાગી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકા લોહાણા મહાજન અને સદાવ્રત ફંડ ટ્રસ્ટ આશરે સાઈઠ વર્ષથી કાર્યરત છે પરંતુ ટ્રસ્ટનું કોઈ ચોકકસ બંધારણ અસ્તિત્વમાં ન હોવાને કારણે તેમજ છ દાયકાથી રૂઢિગત પરંપરાઓને આધિન આ ટ્રસ્ટની હાલત હાલમાં કફોડી બનતા વર્તમાન વયોવૃધ્ધ ટ્રસ્ટીઓએ સંકલન કરી નવા ચહેરાઓને તક આપવાનું નકકી કરતા અને તેવા સૂચિત નામો ચેરીટી કમિશ્કર કચેરીમાંથી મંજુર થઈ આવતા દ્વારકા શહેરમાં લોહાણા મહાજન ટ્રસ્ટની કરોડો રૂપિયાની સ્થાવર મિલ્કતોની સારી રીતે જાળવણી થઈ શકશે. જાણવા મળતી વિગતો મુજબ દ્વારકા લોહાણા મહાજનના વર્તમાન વયોવૃધ્ધ ટ્રસ્ટીઓએ સંકલન કરી ટ્રસ્ટી દીઠ એક-એક નામનું સૂચન કરીને તેનો નિયમ મુજબ ઠરાવ કરી ચેરીટી કમિશ્નરમાં રજુ કરાતા તેમાં કોઈ વાંધો નહીં જણાતા અને મંજુર થઈ આવતા દ્વારકા લોહાણા સમાજમાં ખુશીની લાગણી ફેલાઈ છે. નવા નિયુકત થયેલા ચાર ટ્રસ્ટીઓમાં કિશોરભાઈ દામજીભાઈ વિઠલાણી, જીતેશ જવાહરભાઈ દાવડા, સંજયભાઈ પ્રભુદાસ રાયઠઠા તથા હિરેન કિશોરભાઈ ગોકાણીનો સમાવેશ થાય છે. આમ લોહાણા મહાજનના વર્તમાન ટ્રસ્ટીમંડળની સંખ્યા જુના ચાર તથા તેમાં નવા ઉમેરાયેલા ચાર મળીને કુલ આઠની સંખ્યા થઈ છે. આમ ટ્રસ્ટમાં ટ્રસ્ટીની નિમણુંક બાબતે છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલા મતમતાંતરો, મતભેદો તથા અન્ય કાયદાકીય ગુંચવણોનો આ સાથે અંત આવેલ છે.

નવનિયુકત ટ્રસ્ટીઓને દ્વારકા લોહાણા સમાજની વિવિધ પાંખોના વડાઓ તથા સમગ્ર લોહાણા સમાજે આવકારીને જ્ઞાતિના વિકાસ માટે તથા જ્ઞાતિની કરોડોની સ્થાવર મિલ્કતોનું નવીનીકરણ વહેલીતકે થાય તેવા પ્રયાસો કરવા સૌ જ્ઞાતિજનો અપેક્ષા રાખી રહ્યા છે.

# દ્વારકા ખાતે પાણી પુરવઠા અને અન્ન, નાગરિક પુરવઠા મંત્રી તેમજ પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને મારી માટી, મારો દેશ કાર્યક્રમ યોજાયો




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાના મંત્રી તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને દ્વારકા ખાતે 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન કરતા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૧ થી શરૂ થયેલી આઝાદીના અમૃત મહોત્સવની યાત્રા હેઠળ રાષ્ટ્રહિતના અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. ત્યારે આ અભિયાનમાં તમામ નાગરિકોએ સહભાગી બની દેશને આઝાદ કરાવવામાં શહીદી વહોરનાર અનેક વીરો અને વીરાંગનાઓને વંદન કરીએ. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૪૦ ગ્રામ્ય વિસ્તારોમાં મારી માટી, મારો દેશ કાર્યક્રમ યોજાયો છે. જેમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો છે. આજના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને અંહિની માટીને નમન, વીરોને વંદન કરૂ છું. જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, આપણે મળેલી આઝાદી ખૂબ મૂલ્યવાન છે. આઝાદી મેળવવામાં અનેક વીરો, વીરાંગનાએ બલિદાન આપ્યાં છે. આ બલિદાન આપનારા વીરો, વીરાંગનાઓને યાદ કરી માટીને નમન અને વીરોને વંદન કરવા માટેનો આ અવસર છે. આ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ, શીલાફલકમ અનાવરણ, પંચ પ્રણ પ્રતિજ્ઞા, ધ્વજવંદનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સ્વાગત પ્રવચન તાલુકા વિકાસ અધિકારી કે.વી. શેરઠિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે સૌ મહાનુભાવોએ શિલાફલકમ અનાવરણ, પંચપ્રણ પ્રતિજ્ઞા, વસુધા વંદન વૃક્ષારોપણ તથા ધ્વજવંદન અને રાષ્ટ્રગાન ગવાયું હતું. આ તકે પ્રભારી મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે નિવૃત્ત જવાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# જન્માષ્ટમીએ દર વર્ષે લોકમેળામાં ઉંચા ફજર ફાળકા સહિતની રંગબેરંગી રાઈડસમાં બેસવાની મોજ લેતા સૌરાષ્ટ્રભરના દસ લાખ લોકો



**વર્ષ ૧૯૫૩ થી વિવિધ સંસ્થાઓ, ૧૯૮૪ થી રાજ્ય સરકાર અને ૧૯૮૬થી વહિવટી તંત્ર દ્વારા લોકમેળો યોજાવાની શરૂઆત : ૨૦૦૩થી ત્રણને બદલે પાંચ દિવસ યોજાતો મેળો : તા.૫ થી ૯ સપ્ટેમ્બર સુધી રાજકોટમાં યોજાનારા ''રસરંગ લોકમેળા-૨૦૨૩''માં ૩૫૫ રમકડાના, ખાણીપીણી, આઈસ્ક્રીમ, નાની ચકરડી, ફજર ફાળકા રાઈડસના સ્ટોલ-પ્લોટ**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

રંગીલા રાજકોટની આગવી ઓળખ એટલે પ્રતિવર્ષ રેષકોર્ષ મેદાનમાં યોજાતો લોકમેળો. હૈયુ દળાય તેટલો માનવ મહેરામણ આ મેળામાં ઉમટી પડે છે. આખુ વર્ષ જન્માષ્ટમીએ સૌરાષ્ટ્રભરના લાખો લોકો લોકમેળાની રાહ જોતા હોય છે. ઉંચા ઉંચા ફજર, ફાળકા સહિતની રંગબેરંગી રાઈડસમાં બેસવાની મોજ. એક અંદાજ મુજબ દર વર્ષે દસેક લાખ લોકો આ મેળામાં મહાલે છે. નાના બાળકોથી માડીને શતાયુ નાગરિકો સુધીના દરેક રાજકોટવાસી માટે મેળો એ આખું વર્ષ રાહ જોવાનો પ્રસંગ છે જેમ શિયાળો એ આખા વર્ષની તાજગી ભરી લેવાની મોસમ છે, એમ પ્રત્યેક રાજકોટવાસી માટે મેળો એ આખા વર્ષની મસ્તી માણી લેવાનો અવસર છે. રાજકોટના મેળાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું. ઉત્સવપ્રિય રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે નિમિત્તે ૧૯૮૪માં રાજ્ય સરકારના યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે જ લોકમેળો યોજવામાં આવ્યો. આ આયોજનનું ૧૯૮૫માં પણ પુનરાવર્તન કરાયું ત્યાર બાદ, ૧૯૮૬થી સરકારી અધિકારીઓની વિવિધ સમિતિ દ્વારા આયોજનબધ્ધ રીતે લોકમેળો યોજાવાની શરૂઆત થઈ. આ લોકમેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે. શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતો આ મેળો વધતા જતાં માનવ મહેરામણના લીધે વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ ખાતે યોજવામાં આવે છે. મેળાના સમયગાળો ત્રણ દિવસથી વધારીને પાચ દિવસનો કરવામાં આવ્યો. લોકમેળાના આયોજનના આ વિકેન્દ્રીકરણની લીધે રાજકોટનો મેળો વહીવટી રીતે નમૂનેદાર બન્યો છે. કોરોનાની મહામારી દરમ્યાન જાહેર જનતાના હિતાર્થે ૦૨ વર્ષ મેળો બંધ હતો. અતિ લોકપ્રિય આ લોકમેળામાં અનેક જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળે છે. આ સાંસ્કૃતિક લોકમેળામાં પ્લોટ તથા સ્ટોલની ફાળવણી ડ્રો અને હરરાજી જેવી સિસ્ટમથી પારદર્શક રીતે થાય છે. ચાલુ વર્ષે તા. ૦૫ થી ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ એમ પાંચ દિવસ સુધી યોજાનારા આ મેળામાં ધંધો રોજગાર કરવા માટે ૩૫૫ સ્ટોલ અને પ્લોટની ફાળવણી લોકમેળા સમિતિ દ્વારા થઈ રહી છે. જે પૈકી રમકડાના ૧૭૮ સ્ટોલ, ખાણીપીણીના ૧૪ સ્ટોલ, મધ્યમ ચકરડીના ૦૪ પ્લોટ, નાની ચકરડીના ૪૮ પ્લોટ ડ્રો સિસ્ટમથી ફાળવવામાં આવશે. જયારે ખાણીપીણીના ૩૭ સ્ટોલ, યાંત્રિકના ૪૪ પ્લોટ, આઈસ્ક્રીમના ૧૬ પ્લોટ, ફૂટ કોર્ટના ૦૩ પ્લોટ, ૦૧ ટી કોર્નર પ્લોટ હરરાજીથી ફાળવવામાં આવશે. લોકમેળામાં લોકોના મનોરંજન માટે વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આકર્ષક ડોમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. લોકમેળામાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ૦૩ ડી.સી.પી., ૧૦ એ.સી.પી., ૨૮ પી.આઈ., ૮૧ પી.એસ.આઈ., ૧૦૬૭ પોલીસ, ૭૭ એસ.આર.પી. સહીત કુલ ૧૨૬૬ જેટલા પોલીસ સ્ટાફ તૈનાત કરાશે. આ ઉપરાંત ૧૦૦ ખાનગી સિક્યોરીટી ગાર્ડ ફરજ બજાવશે. જનતાની સુરક્ષા માટે ૧૮ વોચટાવર ઉપર સીસીસી ટીવી કેમેરાથી વોચ રખાશે. લોકોની સુરક્ષા માટે રસરંગ લોકમેળાનો રૂા.૪ કરોડનો વીમો પણ લેવામાં આવેલ છે. ચાર જગ્યાએ જાહેર શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રભરના ગામડાઓમાંથી આવતી પ્રજા માટે જુદી જુદી ૧૭ જગ્યાએ ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકમેળામાં લોકોની સુરક્ષા માટે યાંત્રિક રાઈડ્સ ચકાસણી માટે દરરોજ ફિટનેસ સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ રાઈડ્સ શરૂ કરવાની મંજુરી અપાશે. લોકમેળામાં પાણી પુરવઠા, યાંત્રિક રાઈડ્સની ચકાસણી, ફાયર સર્વિસ, સફાઈ, આરોગ્ય, ફૂડ એન્ડ ડ્રગ્સ, કાયદો વ્યવસ્થા સહિતની જુદીજુદી સમિતિઓ લોકમેળાના સુચારૂ આયોજન અને અમલીકરણની કામગીરી કરશે. લોકમેળા સમિતિ દ્વારા પ્રાદેશિક માહિતી કચેરીને પ્રદર્શન સ્ટોલ ફાળવાશે, જેમાં રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને પ્રદર્શિત કરવામાં આવશે. ૧૩ જેટલી સંસ્થાઓને સમાજ ઉપયોગી માર્ગદર્શન માટે વિનામૂલ્યે સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે. મહિલાઓ તથા નાના કારીગરોને રોજગારી તથા માર્કેટિંગનું પ્લેટફોર્મ પૂરૂ પાડવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહિલા આર્થીક વિકાસ નિગમ અને ઈન્ડેકસ્ટ-સી ને સ્ટોલ ફાળવાયા છે. દર વર્ષે થતી લોકમેળાની નામકરણ પ્રણાલિ મુજબ આ લોકમેળાને અગાઉ ''જમાવટ'', ''ગોરસ'', ''અમૃત'' સહીતના લોકરૂચિના નામો અપાયા હતા. તાજેતરમાં ચાલુ વર્ષના લોકમેળા માટે ૨૫૨ લોકોએ લોકમેળા માટેના નામો સૂચવ્યા હતા, જેમાં વિપુલ સંઘાણી નામના વ્યક્તિ દ્વારા સૂચવેલ ''રસરંગ'' નામની પસંદગી થઈ હતી. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર હસ્તકની લોકમેળા સમિતિ દ્વારા આયોજિત આ લોકમેળાની આવક રાજકોટ જિલ્લાના વિકાસકામો માટે ખર્ચવામાં આવે છે. અત્યાર સુધીમાં ઈશ્વરીયા પાર્ક, ઈવનિંગ પોસ્ટ, ઘેલા સોમનાથ, કબા ગાંધીનો ડેલો, વીરપુર મીનળવાવ વગેરે જેવા સ્થળોના વિકાસકામોમાં લોકમેળા સમિતિ દ્વારા કરાયા હતા.

# 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ રાજ્યના તાલુકા કક્ષાના કાર્યક્રમમાં ૧૮મી ઓગષ્ટ એક જ દિવસમાં ૪૨,૦૦૦થી વધુ નાગરિકોએ લીધી પંચપ્રણ પ્રતિજ્ઞા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

આઝાદી કા અમૃત મહોત્સવને યાદગાર તેમજ ભવ્ય બનાવવા ભારતભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાને પૂરવેગ પકડ્યો છે. તા. ૯ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. તા. ૧૬ ઓગસ્ટથી આ અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાના કાર્યક્રમોનો હર્ષભેર પ્રારંભ થયો છે. જેના ભાગરૂપે રાજ્યની ૯૨ તાલુકા પંચાયતોમાં તા.૧૮ઓગસ્ટના રોજ એક જ દિવસમાં ૪૨,૦૩૦ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી છે. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત એક જ દિવસમાં ૮,૮૬૩ વૃક્ષોનું વાવેતર તેમજ વીર વંદના હેઠળ ૯૨૨ વીરો-પરિવારોને સન્માનિત કરવામાં આવ્યા છે. જ્યારે ૨૮,૮૧૪ શિલાફલકમનું સ્થાપન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં તાલુકા કક્ષાએ અંદાજે ૯૬,૭૯૩ નાગરિકોરાષ્ટ્રગાન અને ધ્વજ વંદન કાર્યક્રમમાં સહભાગી થયા છે. આ ઉપરાંત ૧૯,૪૫૫ વસુધા વંદનમાં વૃક્ષોનું વાવેતર તથા વીર વંદના હેઠળ ૧,૬૮૦ વીરો/વિરાંગનાઓ/પરિવારોને સન્માનિત કરાયા છે જ્યારે ૨૧૯ તાલુકા પંચાયતોમાં શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું છે. હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દીવો રાખીને એક્તા અને અખંડિતતા માટે ૯૬,૭૫૧ નાગરિકોએ સામૂહિક પ્રતિજ્ઞા લીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનને સફળતા મળી છેઅને આગામી તા. ૨૦ ઓગષ્ટ સુધી તાલુકા સ્તરે આ અભિયાનને સફળ બનાવવા નાગરિકોની સહભાગિતા સાથે વિવિધ કાર્યક્રમો યોજાશે.

# રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં ચાર મહિનામાં ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી

રાજકોટ,તા.૧૯ : રાજકોટમાંથી ફરી એકવાર વીજ કંપની PGVCLની મોટી કાર્યવાહી કરી હતી. અહીં PGVCL ટીમે અચાનક દરોડાની કાર્યવાહી હાથ ધરતાં કરોડોની ચોરી પકડી પાડી છે. રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં PGVCLએ ચાર મહિનામાં ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડી હતી. PGVCLએ એક લાખ ૧૩ હજારથી વધુ વીજ જોડાણોનું ચેકિંગ કર્યુ હતું જેમાંથી જેમાંથી ૨૭ હજાર ૨૫૪ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી. સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડાઈ હતી.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક


• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી
કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના
હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી
ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં
સ્પે. પંજાબી શાક તેમજ
ઉંધીયુ મળશે.
રાજ
ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં
જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને
રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી
સાથે ભેંસનું તથા ગાયનું
૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની
શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને
અમારા નવા મોબાઈલ
નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

બ્લોક વેંચવાનો છે
જૂનાગઢમાં આવેલ
સેંજની ટાંકી પાસે
આશોપાલવ
એપાર્ટમેન્ટમાં નવું
બાંધકામ રોડ સાઈડ ૨
બેડ, ૧ હોલ કીચનવાળો
બ્લોક વેંચવાનો છે
મો. ૯૭૧૨૭ ૬૮૫૫૫

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે
અવનવી વેરાયટીમાં ફટાકડા
મેળવવા માટે
તેમજ સ્ટેશનરીનો
સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી,
આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ,
રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ
બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો
જોઈએ છે
બેકરી શો રૂમમાં
કામ કરી શકે
તેવા માણસોની
જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨


દક્ષિણ ભારત બૈઠક યાત્રા
દિપાવલી સ્પેશ્યલ
તિરૂપતિ (બૈઠકજી),
વિષ્ણુકાંચી બૈઠકજી,
શ્રી રંગમ બૈઠકજી, કોડાઈ
કોનાલ (હિલ સ્ટેશન),
રામેશ્વર (બૈઠકજી અને
જયોર્તિલીંગ દર્શન),
વરકલા બૈઠકજી
: કોન્ટેક :
સુરેશભાઈ મજીઠીયા
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

અમારે ત્યાંથી ગરમા ગરમ
પ્યોર ચણાનાં લોટનાં ગરમા
ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ
સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી
ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક,
ડબાગલીના નાકે,
કષ્ટભંજન હનુમાન
મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની
સુંદર વ્યવસ્થા
આઈસ્ક્રીમ
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩


## જન્મ દિવસ



જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ શહેરનાં સેવાભાવી આગેવાન મહંમદ શફી સોરઠીયાનો આજે જન્મદિવસ હોય મિત્રો શુભેચ્છકો દ્વારા તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સફીભાઈનો જન્મ ૧૯-૮-૧૯૫૪નાં રોજ થયો હતો. યુવાકાળથી જ તેઓ સમાજ સેવા કાર્યમાં જોડાયેલ છે.

# જૂનાગઢ આરટીઓની મનમાનીથી ટ્રાન્સપોર્ટરોમાં રોષની લાગણી

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ આરટીઓ કચેરી દ્વારા તાજેતરમાં વાહન ચાલકો વિરૂધ્ધ ડ્રાઈવ કરવામાં આવી રહી છે જેમાં નિર્દોષ લોકોને પણ દંડવામાં આવી રહયા છે. જેને કારણે વાહન ચાલકો અનો ટ્રાન્પોર્ટરોમાં ભારે નરાજગીની લાગણી વ્યાપી ગઈ છે. આરટીઓ કચેરી દ્વારા ગેરકાયદેસર કનડગત કરી ઉઘરાણા કરવામાં આવતા હોવાનું ગુડઝ ટ્રાન્સપોર્ટ એસો. દ્વારા આક્ષેપ કરવામાં આવી રહયો છે. તેમજ વાહન માલિકોને નોટીસ આપી હેરાન કરવામાં આવી રહયા છે. જે લોકો ગેરકાયદેસર પ્રવૃતિ કરે છે તેની સામે કાર્યવાહી થાય તેની સામે કોઈ વાંધો નથી પરંતુ જે લોકો કાયદેસરનાં પરીવહન સાથે સંકળાયેલા છે તેવા કોઈ ટ્રાન્સપોર્ટરોને હેરાન નહી કરવા ગુડઝ ટ્રાન્સપોર્ટ એસો. દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# જૂનાગઢ શહેરમાંથી મારી માટી, મારો દેશ અભિયાન હેઠળ એકત્ર થયેલ માટી મુખ્ય કળશમાં પધરાવાઈ













જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકામાં મારી માટી,મારો દેશ અભિયાન હેઠળ એકત્ર થયેલ માટીને આજે નરસિંહ મહેતા તળાવ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય કળશમાં પધરાવવામાં આવી હતી.વોર્ડવાર એકત્ર થયેલા માટીને વાજતે-ગાજતે મહાનગરપાલિકાની કચેરી ખાતેથી નરસિંહ મહેતા તળાવ ખાતે લાવવામાં આવી હતી. આ રેલીને મેયર ગીતાબેન પરમાર સહિતના મહાનુભાવો લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.આ રેલીમાં મહાનગરપાલિકાના પદાધિકારી, અધિકારી અને કર્મચારી, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. આ પ્રસંગે વીરોને વંદન કાર્યક્રમ હેઠળ જૂનાગઢની આઝાદીમાં બહુમુલ્ય ફાળો જેમનો રહ્યો છે. તેવા આઝાદીના સ્વાતંત્ર્ય સેનાનીઓ, ભારતીય સેનામાં અને ગુજરાત પોલીસ સેવામાં દેશ માટે ન્યોછાવર થયેલ શહીદોનાપરિવારજનોને શાલ ઓઢાડી અને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ભારતીય સેના તથા પોલીસ વિભાગમાં સારી કામગીરી કરના ૨૧૨૬ જવાનોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા છે. દેશને આઝાદી અપાવી વીરોના બલિદાન અને યોગદાનને યાદકરી શ્રધ્ધાંજલિ આપતા શીલાફલકમ તકતીનું અનાવરણ નરસિંહ મહેતા તળાવ ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રારંભે લોકસાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા પોતાની આગવી શૈલીમાં દેશની આઝાદી અને આઝાદીના સંગ્રામમાં સર્વોચ્ચ બલિદાન આપનાર વીર શહીદોને તથા ઝવેરચંદ મેઘાણીનું સુપ્રસિદ્ધ દેશભક્તિનું કાવ્ય "કસુંબીનોરંગ" રજૂ કરીને શહેરીજનોને દેશદાઝથી તરબતર કર્યા હતા. મારી માટી,મારો દેશમાટીને નમન-વીરોને વંદન કાર્યક્રમ હેઠળ ઉપસ્થિત મહેમાનો દ્વારા કોળીયામાં માટી લઈ પંચપ્રણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ માટી મુખ્ય અમૃતકળશમાં એકત્ર કરવામાં આવી હતી. આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૯ ઓગસ્ટથી૩૦ ઓગસ્ટ સુધી શાળા, કોલેજ, આંગણ વાડી ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મેરી માટી, મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત શહેરના વોર્ડનં.૧થી૧૫માં તારીખ ૯ઓગસ્ટથી ૧૪ઓગસ્ટ સુધી યોજાયેલ પંચપ્રણ પ્રતિજ્ઞા કાર્યક્રમ હેઠળ આ માટીને વોર્ડવાઈઝ અમૃત કળશમાં એકત્રિત થઈ હતી. જેને એક મુખ્ય કળશમાં પધરાવવામાં આવી હતી. આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવાર અને તમામ શહેરીજનોએ ધ્વજવંદન તથા રાષ્ટ્રગીતનું ગાન પણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ એસટી વિભાગ દ્વારા શ્રાવણ માસ દરમ્યાન ધાર્મિક સ્થળોને જોડતી બસ સેવા શરૂ કરાઈ

જૂનાગઢ, તા.૧૯

એસટી નિગમના જૂનાગઢ વિભાગના વિભાગીય નિયામક આર.પી. શ્રીમાળીએ અખબાર યાદીમાં જણાવેલ છે કે, જનાગઢ વિભાગ ખાતેથી સંચાલન કરવામાં આવતા રૂટોમાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન તમામ ભાવિભકતો સોમનાથ, દ્વારકા, સત્તાધાર, પરબ જેવા અનેક ધાર્મિક સ્થળોએ તથા જૂનાગઢથી પોરબંદર જવા-આવવા માટે દર કલાકે બસ સુવિધા ઉપલબ્ધ છે જેનો વધુમાં વધુ લાભ લેવા માટે અનુરોધ કરાયો છે.

**જૂનાગઢથી સોમનાથ જવા માટે**

જૂનાગઢ -સોમનાથ ૭:૨૦, ૭:૫૦, ૧૧:૦૦, ૧૨:૦૦, ૧૪:૦૦, ૧૪:૨૦, ૧૯:૦૦, ૨૦:૩૫, ગાંધીનગર-સોમનાથ ૨:૨૫, ૧૪:૨૦, મુન્દ્ર-સોમનાથ ૨:૫૫, જામનગર-સોમનાથ ૧૮:૧૦, રાજકોટ-ઉના ૧૫:૪૫, સારંગપુર-સોમનાથ ૧૭:૩૫, અંબાજી-સોમનાથ ૦૩:૧૫.

**જૂનાગઢથી સતાધાર જવા માટે**

જૂનાગઢ-મોણપારી ૧૮:૦૦, જૂનાગઢ-સતાધાર ૭:૨૦, ૮:૩૫, ૧૨:૦૦, ૧૫:૪૫, ૧૭:૩૦, ૧૮:૩૦, ૧૯:૩૦, ધ્રાંગધ્રા-સતાધાર ૧૧:૪૫, પોરબંદર-સતાધાર ૧૮:૧૦, જૂનાગઢ-બગસરા ૫:૩૫, જૂનાગઢ-દુધાળા ૭:૨૦.

**જૂનાગઢથી દ્વારકા જવા માટે**

જૂનાગઢ-દ્વારકા ૫:૪૫, ૭:૦૦, ૧૫:૪૫, જૂનાગઢ-ઓખા ૧૩:૩૦

**જૂનાગઢથી પરબ જવા માટે**

જૂનાગઢ-બગસરા ૮:૩૦, જૂનાગઢ-પરબ ૧૯:૦૦, જૂનાગઢ-નડાળા ૧૫:૩૦, જૂનાગઢ-વડીયા ૧૩:૦૦, જૂનાગઢ-કુકાવાવ ૭:૧૫, બાંટવા-ભાવનગર ૧૦:૨૫.

બસ સેવા શરૂ કરવામાં આવી છે. ધાર્મિક સ્થળોની મુસાફરી કરવા માટે એકસપ્રેસ સર્વિસોમાં વિભાગના તમામ બસ સ્ટેશનો ખાતેથી તેમજ એસટી નિગમની વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશન એડવાન્સ બુકીંગ કરાવી સંપૂર્ણ સલામતીથી સમયસર અને વધુ આરામદાયક મુસાફરીનો લાભ મેળવી શકાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# વંથલીમાં તાલુકા કક્ષાનો મેરી માટી, મેરા દેશ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧૯

સરકારશ્રી દ્વારા પ્રેરિત "મેરી માટી મેરા દેશ" અંતર્ગત વંથલી તાલુકા પંચાયત કક્ષાનો કાર્યક્રમ વંથલીમાં તાલુકા કક્ષાનો મેરી માટી, મેરા દેશકાર્યક્રમ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટિંગ યાર્ડખાતે યોજાયો હતો. જેમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપતા શિલાફલકમનું સમર્પણ, પંચપ્રણ પ્રતિજ્ઞા, વીરો કો વંદન, વસુધા વંદન - વૃક્ષારોપણ, રાષ્ટ્રધ્વજ વંદન - રાષ્ટ્રગાનનું સંગાયનઉપરાંતશિક્ષકો, તલાટી-કમ-મંત્રીઓ, કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે વંથલી તાલુકાના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોના પરિવારજનો, સેના-પોલિસ સહિતના નિવૃત્ત જવાનો હાજર રહ્યાં હતાં. જેમના સન્માનના આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાંત પરીખ, APMC- વંથલીના ચેરમેન ભાવેશભાઈ મેનપરા, સાંસદ રમેશભાઈ ધડુકના પ્રતિનિધિ મનોજભાઈ હુમર, પૂર્વ ધારાસભ્યશ્રી જવાહરભાઈ ચાવડાના પ્રતિનિધિ વિપુલભાઈ જીલડિયા, જિલ્લા પંચાયત - જૂનાગઢ અને તાલુકા પંચાયત - વંથલીના સદસ્યશ્રીઓ; સહકારી, સામાજિક અને રાજકીય અગ્રણીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ અને બહોળી સંખ્યામાંનાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિરાંત પરીખે "આઝાદીના અમૃત મહોત્સવ"ને નાતજાત અને ધાર્મિક ભેદભાવ વગર બંધુતાનો ભાવ કેળવીઆગળ વધવા, આર્થિક અસમાનતા ઘટાડવા, છેવાડાના માનવીની પ્રગતિ માટે સહકાર આપવા તથા ભારતના ભાવિ એવા બાળકો, કિશોરીઓ અને મહિલાઓ સહિતનાઓ સુપોષિત થઈને દેશના વિકાસમાં મહત્તમ ફાળો આપવા માટે હાકલ કરી હતી. મનોજભાઈ હુમરે આપણી સંસ્કૃતિના જતન અને તેના વૈજ્ઞાનિક પાસાનો લાભ લેવા આહવાન કર્યું હતું અને દેશ અને પ્રકૃતિના જતન અંગે અપીલ કરી હતી. તાલુકા વિકાસ અધિકારી હિતેષ વાઘેલાએકાર્યક્રમના હાર્દ અને મેરી માટી, મેરા દેશ અભિયાનની ઊજવણીની રૂપરેખા આપી હતી.

# ઉના નવાબંદર પોલીસની માનવતા યુવકને મદદરૂપ બની તેના પરીવાર સાથે મિલન કરાવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૯

ઉનાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા સૈયદ રાજપરા ગામે અજાણ્યો યુવક રખડતું ભટકતું જીવન જીવતો હોય જેની નવાબંદર મરીન પોલીસ સ્ટાફે પૂછપરછ કરતાં યૂવક આંતર રાજ્યનો હોવાનું જણાવતા પોલીસે યુવક જે વિસ્તારમાં રહેતો હોય તે વિસ્તારના સ્થાનિક પોલીસ મથક તેમજ ગામના સરપંચ સાથે ટેલીફોનીક વાતચીત કરી યુવક તે વિસ્તારનો છે કે નહિ ? તેની તપાસ કરી નવાબંદર મરીન પોલીસે પૈસા તેમજ જમવાની સુવિધા કરી યુવકને પોતાના વતન રવાના કરતા યુવકના પરિવારમાં ભાવુકતા ના દ્રશ્યો સર્જાયા હતા.

૧૫ દિવસ પૂર્વે નવીન લાડકભાઈ બારગા જાતે આદિવાસી ઉંમર વર્ષ ૨૭ રહે ધીમણીયા પારસપાડા તા. તલાસરી જિ. પાલગર મહારાષ્ટ્ર રાજ્ય વાળો યુવક પોરબંદર ખાતે મજૂરીનું કામ કરવા આવેલ હોય પરંતુ આ યુવકે બાર દિવસ સુધી કામ કરતા તેમને આ મજૂરીના કામમાં મન લાગેલ ન હોય અને જેથી તેમની પાસે રહેલ ૫૦૦ રૂપિયા જેટલી રકમ લઈ યુવક પોરબંદરથી ઉના, દીવ તરફની બસમાં બેસી ઉના તરફ આવી ગયેલ હતો ત્યારે નવા બંદર મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એસ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ શૈલેષ બાબરીયા, પોલીસ કોન્સ્ટેબલ ભીખુસા બચુશા જુણેજા સહિતનાઓ સૈયદ રાજપરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે આ યુવકની પોલીસે સામાન્ય પૂછપરછ કરી નવાબંદર મરીન પોલીસ મથકે લઈ જઈ વધુ પૂછપરછ કરતા યુવક મહારાષ્ટ્રના ધીમણીયા પારસપાડા ગામનો હોવાનું પોલીસને જણાવતા નવાબંદર પોલીસે તલાસરી પોલીસ મથકનો ટેલીફોનીક સંપર્ક કરી ધીમણીયા પારસપાડા ગામના સરપંચ સાથે વાતચીત કરતા આ યુવક ધીમણીયા પારસપાડા ગામનો જણાઈ આવેલ હતો ત્યારે આ યુવક નવાબંદર પોલીસ મથકે હોય ત્યારે પોતે ભૂખ્યો તરસ્યો અને નિરાશ થયેલ જોવા મળતા પોલીસે યુવકની રહેવા જમવા તેમજ પોતાના વતન જવું હોય પરંતુ ટિકિટના પૈસા પણ ન હોય જેથી પોલીસે ટિકિટના પૈસાની વ્યવસ્થા કરી ઉના બસ સ્ટેશન ઉપરથી તેમના ગામ તરફ જતી બસમાં બેસાડી દેવામાં આવ્યો હતો અને પરિવારને જાણ કરતા તેના પરિવારે નવાબંદર મરીન પોલીસનો આભાર માની ભાવુક થઈ ગયા હતા નવાબંદર પોલીસની કામગીરી ઉના નવા બંદરના લોકો બિરદાવી રહ્યા છે અને પોલીસ પ્રજાનો મિત્ર છે એ સુત્ર સાર્થક થયું છે.

## રાજકોટના પ.પૂ.શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા

# જૂનાગઢમાં વિનામુલ્યે નેત્રયજ્ઞનું આયોજન

જૂનાગઢ, તા.૧૯

રાજકોટના પ.પૂ.શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગ, સહકાર થકી દરમાસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી. સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા વિનંતી. કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ.સદગુરૂ રણછોડદાસજી રાજકોટ હોસ્પીટલમાં લઈ જવાની વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથ વિનામુલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢ કેમ્પના સ્થળે પરત મુકી જવામાં આવશે તો આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીને લાભ લેવા વિનંતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે તોઆ કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# સૌરાષ્ટ્રમાં ૨ હજારથી વધુ બાળકોને ટાઈપ-૧ ડાયાબીટીસ હોવાનો ચોંકાવનારો અહેવાલ

## બાળકોનાં હસવા રમવાની ઉંમરમાં અને ચોકલેટ ખાવાની ઉંમરમાં દરરોજ પીડીત બાળકો ઈન્સ્યુલીન ખાઈ રહ્યા છે



રાજકોટ, તા.૧૯

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં ડાયાબીટીસથી ૨૦૦૦થી વધારે બાળકો પીડાય રહ્યા છે ત્યારે જયારે રાજયભરમાં પણ હજારો બાળકોને ડાયાબીટીસ હોવાના ચોકાવનારા અહેવાલો છે. ડાયાબીટીસ ટાઈપ-૧ને કારણે અનેક બાળકોને ચોકલેટ ખાવાની ઉંમરે ઈન્સ્યુલીન લેવું પડે છે.

તાજેતરમાં જ થયેલા એક સર્વે અનુસાર જે ચોકાવનારી વિગત બહાર આવી છે તે અંતર્ગત અહીં કેટલીક વિગતો મુકવામાં આવી છે. સામાન્ય રીતે ડાયાબિટીસનું નામ સાંભળીયે એટલે એવો અંદાજ હોય કે મોટી ઉંમરના લોકોને આ રોગ થાય છે. બદલાઈ ગયેલી લાઈફ સ્ટાઈલ અને સ્ટ્રેસનું પ્રમાણ વધવાના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોમાં ડાયાબ,ીટીસનું પ્રમાણ વધ્યું છે.પરંતુ એવું નથી કે ડાયાબિટીસ મોટી ઉંમરના લોકોમાં જ થાય છે.

પરંતુ બાળકો પણ મોટી સંખ્યામાં આ રોગથી પીડિત છે.રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં અંદાજે ૨ હજારથી વધુ બાળકો ટાઈપ ૧ ડાયાબિટીસથી પીડાઈ રહ્યા છે. રાજયભરમાં ૧૫ હજારથી વધુ બાળકો આ ટાઈપ ૧ ડાયાબિટીસથી પીડિત હોવાનો અંદાજ છે.આ આંકડો ખૂબ જ ચોંકાવનારો છે કારણ કે બાળકોમાં ડાયાબિટીસ અને એ પણ આટલી મોટી સંખ્યામાં એ વાત ચોંકાવનારી અને દુઃખી કરનારી છે કારણ કે આ બાળકો હસવા રમવાની ઉંમરમાં, ચોકલેટ ખાવાની ઉંમરમાં દરરોજ ઈન્સ્યુલીન ખાઈ રહ્યા છે.

**શું છે ટાઇપ ૧ ડાયાબિટીસ ?**

સામાન્યરીતે મોટી ઉંમરના લોકોમાં ટાઈપ ૨ ડાયાબિટીસ જોવા મળે છે. ટાઈપ ૨ ડાયાબિટીસ લાઈફ સ્ટાઈલ, સ્ટ્રેસ, ખાણીપીણી વગેરેના કારણે થાય છે. ટાઈપ ૨ ડાયાબિટીસમાં શરીરમાં સુગરની સામે જે ઈન્સ્યુલીન બનવું જોઈએ તે બનતું ઓછું થાય છે. ટાઈપ ૨ ડાયાબિટીસને યોગ્ય કાળજી રાખવાથી કંટ્રોલમાં કરી શકાય છે અને ખૂબ ઓછા પ્રમાણમાં ઈન્સ્યુલીન આપવાની જરૂર રહે છે. જ્યારે ટાઈપ ૨ ડાયાબિટીસની વાત કરીએ તો આ જન્મજાત અથવા જન્મના થોડા સમયમાં ડીટેકટ થાય છે,વારસાગત હોય છે, માતા-પિતામાંથી કોઈને હોય તો તે બાળકને થવાની શક્યતા ખૂબ વધારે રહે છે અને ઘણા કેસોમાં માતા - પિતાને ન હોય તો પણ બાળકને થાય છે.ટાઈપ ૨ ડાયાબીટીસમાં શરીરમાં સુગરની સામે ઈન્સ્યુલીન બનવાનું જ બંધ થઈ જાય છે.જેથી આવા દર્દીઓને રેગ્યુલર ઈન્સ્યુલિનનાં ઈન્જેકશન આપવા પડે છે.

**મધ્યમ અને ગરીબ વર્ગના બાળકોના વાલીઓ ઉપર તૂટે છે આભ**

જે બાળકોને ટાઈપ ૧ ડાયાબીટીસ હોય છે તેમને દરરોજ ઈન્સ્યુલીન આપવા પડે છે.આ પ્રકારના ઈન્સ્યુલિન પાછળ વાલીઓને મહિને સરેરાશ ૮થી ૧૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે.જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની હાલત કફોડી થઈ જાય છે.કલર કામ કરીને ગુજરાન ચલાવતા મુકેશ ભાઈ ટીવી૯ સાથે વાત કરતા જણાવે છે કે તેમના ૧૮ વર્ષીય પુત્રને ટાઈપ ૧ ડાયાબિટીસ છે. તેમને પોતાને પણ ડાયાબિટીસ છે.તેઓ કલરકામ કરીને મહિને ૧૫ થી ૨૦ હજાર રૂપિયા કમાય છે. હવે તેમને ૭થી ૧૦ હજાર રૂપિયા ઈન્સ્યુલીન પાછળ ખર્ચ થઈ જાય છે.તેવામાં તેમનું પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે.આ ઉપરાંત કડિયા કામ કરીને ગૂજરાન ચલાવતા પરેશ ભાઈની પણ એવી જ હાલત છે.તેમની ૧૨ વર્ષની દીકરીને ટાઈપ ૧ ડાયાબિટીસ છે.તેઓ મહિને ૨૦થી ૨૫ હજાર રૂપિયા કમાય છે તો સામે ૮થી ૧૦ હજાર રૂપિયા સારવારનો ખર્ચ થઈ જાય છે.જેથી તેમની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

**સિવિલ હોસ્પિટલમાં જરૂરી ઇન્સ્યુલીન નથી મળી રહ્યા**

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ચલાવતા અપૂલ ભાઈ દોશીએ વાતચીતમાં જણાવ્યું હતું કે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં આ ડાયાબિટીસની અમુક સારવાર તો મળે છે પરંતુ જે ઈન્સ્યુલિનથી આ ટાઈપ ૧ ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે તે બેઝલ બોલસ ઈન્સ્યુલીન સિવિલ હોસ્પિટલમાં નથી મળી રહ્યા.જે ઈન્સ્યુલીન મળી રહ્યા છે તે નબળી ગુણવત્તાના હોય છે જેનાથી આ ટાઈપ ૧ ડાયાબિટીસ કંટ્રોલમાં નથી રહેતો.સિવિલમાં આ ઈન્સ્યુલીન ન મળતા હોવાને કારણે ગરીબ અને મધ્યમ વર્ગને પણ બહારથી આ ઈન્સ્યુલીન ખરીદવા પડે છે પરિણામે તેમની આર્થિક સ્થિતિ દયનીય બની જાય છે. અપુલ દોશીના જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન સાથે ૧૮૦૦ જેટલા બાળકો જોડાયેલા છે.તેમાંથી તેઓ હાલ ૫૦૦ જેટલા બાળકોને આ ઈન્સ્યુલીન નિશુલ્ક અપાવી રહ્યા છે. અપુલ દોશીએ જણાવ્યું હતું કે જો સિવિલ હોસ્પિટલમાં આ ઈન્સ્યુલીન આપવાની શરૂઆત થઈ જાય તો આ બાળકોના વાલીઓ માટે આશીર્વાદ સમાન આ વાત હશે.સાથે જ આવા બાળકોના વાલીઓ પણ રાજય સરકાર પાસે માગ કરી રહ્યા છે કે સિવિલ હોસ્પિટલમાં આ ઈન્સ્યુલીન ચાલુ કરવામાં આવે જેથી તેઓને આર્થિક બોજ ન પડે.હવે જોવાનું રહેશે કે રાજય સરકાર ક્યાં સુધીમાં આવા વાલીઓની વહારે આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં ડેટા સુરક્ષાનો ગંભીર ખતરો

આજે આપણાં મોટાભાગનાં કામ ઈન્ટરનેટના માધ્યમથી સેવા આપતી કંપનીઓ પર નિર્ભર થઈ ગયાં છે. તેના માટે આપણે તેમની બનાવેલી એપ્સ અને વેબસાઈટોનો સતત ઉપયોગ કરીએ છીએ. એવી સ્થિતિમાં સેવા આપનારી ટેક કંપનીઓ અને સવા લેનારા ગ્રાહકોની અંગત માહિતી વચ્ચે કોઈ વધુ અંતર નથી રહ્યું. ખાસ તો ફેસબુક, ગૂગલ, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ જેવી ડિજિટલ કંપનીઓ આપણા વિશે અને આપણી પ્રત્યેગ ગતિવિધિ વિશે કદાચ આપણા કરતાં વધારે જાણવા લાગી છે. આ તમામ માહિતીનો વ્યાવસાયિક ઉપયોગ થાય છે. ક્યારેક જાસૂસી માટે પણ આ માહિતી ભેગી કરવામાં આવે છે અને તેનું અધ્યયન કરીને કોઈ નિષ્કર્ષ કાઢવામાં આવે છે, જેનો કદાચ જ આપણને અહેસાસ થાય છે. આપણે પૂછી શકીએ કે આખરે ટેક સેવા પ્રદાતા કંપનીઓથી માંડીને આધાર-પાસપોર્ટ વગેરે દ્વારા ખાનગી ડેટા લેનારી સરકારી એજન્સીઓ આ માહિતીઓનું શું કરે છે? ક્યાંક એવું તો નથી કે જે હેતુથી આ માહિતી લેવામાં આવી છે તેનો કોઈ જુદો જ ઉપયોગ થઈ રહ્યો છે? ડેટારૂપી માહિતીઓની વધતી જરૂરિયાત અને તેમાં ગાબડાની આશંકાઓને ધ્યાનમાં રાખીને ડિજિટલ ખાનગી ડેટા સુરક્ષા વિધેયક-૨૦૨૩ લોકસભામાંથી પસાર થઈ ગયું છે, જેનો ઉદ્દેશ્ય લોકોના ખાનગી અને ગોપનીય ડેટાને સુરક્ષિત રાખવા અને તેના યોગ્ય ઉપયોગની વ્યવસ્થા બનાવવાનો છે.

તેની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી કે ઈન્ટરનેટ દ્વારા તમામ સગવડો લેનારી આમ જનતાની નિજતા એટલે કે વ્યક્તિની અંગત અને ગોપનીય માહિતી સુરક્ષિત રહી શકે અને તેનો કોઈ દુરુપયોગ ન થવા પામે. ખાસ વાત એ છે કે આ બિલના દાયરામાં માત્ર ખાનગી ટેક કંપનીઓ જ નથી, પણ એ સરકારી એજન્સીઓ પણ છે, જે આમ જનતાની અંગત માહિતી પોતાના વિભિન્ન કાર્યક્રમો અથવા લોકોને કોઈ સુવિધા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી જમા કરે છે. જેમ આધારકાર્ડ કે પાસપોર્ટ વગેરે. સરકારી એજન્સીઓ પર પણ એ આરોપ લાગતા રહે છે કે આમજનતાની નિજતાની ચિંતા નથી કરવામાં આવતી. તેને કારણે અંગત માહિતીઓ કંપનીઓના હાથમાં આવી જાય છે અને આ પ્રકારે કાં તો તેમનાં બેંક ખાતામાંથી રાતોરાત રકમ ઊડી જાય છે કે પછી કેટલીય કંપનીઓના કોલ સેન્ટર તેમને દિવસ-રાત વિભિન્ન સેવાઓ માટે ફોન કરવા લાગે છે. એક આરોપ એ પણ છે કે સરકારી એજન્સીઓ, એન્ટરટેનમેન્ટ અને ટેક કંપનીઓ લોકોનો જે ડેટા ભેગો કરે છે, તે સુનિશ્ચિત નથી કરતી કે એ ડેટાનો માત્ર એ જ ઉપયોગ થશે, જેના માટે તે લેવામાં આવ્યો છે. ૨૦૧૨માં કર્ણાટકમાં હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ કેએસ પુત્તુસ્વામીએ એ દલીલ સાથે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરી હતી કે આધાર યોજના માટે લોકોનો બાયોમેટ્રિક ડેટા લેવો નિજતાના અધિકારનું ઉલ્લંઘન છે. નિજતાના આ મુદ્દા પર કેન્દ્ર સરકારે જોકે પહેલેથી જ જસ્ટિસ એપી શાહની અધ્યક્ષતામાં એક કમિટી રચી હતી, જેણે દેશમાં પ્રાઈવસી એક્ટ બનાવવાની ભલામણ કરી હતી, પરંતુ આ મામલે ત્યારે હલચલ થઈ, જ્યારે સુપ્રીમ કોર્ટે નિજતાને મૌલિક અધિકાર ગણાવ્યો. આ જ આધાર પર ૨૦૧૯માં કેન્દ્ર સરકારે ખાનગી ડેટા વિધેયક લોકસભામાં રજૂ કર્યો હતો. જોકે ૨૦૨૨માં સંયુક્ત સંસદીય સમિતિના સૂચન પર સરકારે એ વિધેયક એ મતલબ સાથે પાછા લઈ લીધા હતા કે તેને બૃહદ કાનૂની ફ્રેમવર્ક સાથે ફરી લાવવામાં આવશે. આ જ પહેલ પર આ બિલ ફરી લાવવામાં આવ્યું છે.

સામાન્ય રીતે આપણને અહેસાસ નથી થતો કે લોકોની અંગત માહિતીઓનું કંપનીઓ અને સરકારી એજન્સીઓ શું કરે છે, પરંતુ જ્યારે પણ ગૂગલ અને ફેસબુક વગેરે આપણને એ દર્શાવે છે કે આપણે કેટલા વાગ્યે ઘરેથી ઓફિસ આવીએ-જઈએ છીએ, ક્યાં ખાઈએ-પીએ છીએ, રસ્તામાં ટ્રાફિક જામ છે કે નહીં, આપણા દોસ્તોના જન્મદિવસ ક્યારે ક્યારે છે, તો તેને લઈને આપણા કાન ઊભા થઈ જાય છે કે આખરે આ માહિતી આ કંપનીઓ પાસે ક્યારે અને કેવી રીતે પહોંચી ગઈ એમ તો કેટલીય વાર આપણને આ બહુ સુવિધાજનક લાગે છે કે ટેક કંપનીઓને આપણા પરિચિતોના જન્મદિવસથી માંડીને તમામ તથ્યો ખબર છે, કારણ કે યાદ ન આવે ત્યારે આપણે એ માહિતી ફેસબુક વગેરેથી આસાનીથી હાંસલ કરી લઈએ છીએ. પરંતુ એ જ સમયે આ ડિજિટલ પ્રબંધ આપણને કેટલીક જાહેરાતો દ્વારા એ પણ બતાવતા દેખાય છે કે આપણે જન્મદિવસ માટે કોના માટે શું ખરીદવું જોઈએ. સ્થિતિ એ છે કે કોઈપણ નવી એપ ડાઉનલોડ કરતી વખતે, કોઈ ડિજિટલ પ્રતિયોગિતામાં ભાગ લેતી વખતે સમય કે કોઈ નવી ડિજિટલ ગતિવિધિઓ કરતી વખતે મોટાભાગના વપરાશકર્તા પોતાની તમામ માહિતી સ્વેચ્છાથી આપી દે છે. તેથી આ કંપનીઓ આપણી એ તમામ ખાનગી માહિતીઓનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર હોય છે. ઈન્ટરનેટના માધ્યમથી દિમાગ પર નિયંત્રણની શરૂઆત કદાચ અહીંથી જ થાય છે. આજથી નવ વર્ષ પહેલાં ૨૦૧૪માં યુરોપીય સંઘના ડેટા સંરક્ષણ કાયદાની કલમ-૧૭ની જેમ બ્રસેલ્સની એક અદાલતે વ્યવસ્થા આપી હતી કે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને ઈન્ટરનેટ પર પ્રસારિત પોતાની માહિતીઓ, છબિઓ પર નિયંત્રણનો પૂરો અધિકાર છે. આ અધિકાર અંતર્ગત કોઈપણ સર્ચ એન્જિન કે ડિજિટલ કંપનીથી આ ચીજો હટાવવા માટે કહી શકાય છે.

અસલમાં મામલો વ્યક્તિઓ અને કોઈપણ સંસ્થાની ડિજિટલ નિશાનીઓ હટાવવા સંબંધિત છે, જે કેટલીય વાર તેમની જાણકારીમાં અને કેટલીય વાર તેમના સંજ્ઞાનમાં લાવ્યા વિના ઈન્ટરનેટ પર પ્રસારિત થતી રહે છે. ઈન્ટરનેટના સર્ચ એન્જિનથી કંઈપણ શોધી લેવાના યુગમાં માહિતી અને છબિના નિયંત્રણ વિના એવા પ્રસારનું સૌથી વધુ નુકસાન મહિલાઓ અને બાળકોને થઈ રહ્યું છે. જ્યાં કેટલીય મહિલાઓ એ વાતથી પરેશાન છે કે તેમની કોઈ બેહદ ખાનગી ફોટો આખરે તેમના નામ-સરનામા સાથે ઈન્ટરનેટ પર કેવી રીતે આવી જાય છે, ત્યાં જ બાળકોને આ કારણોસર પોર્નોગ્રાફીના કીચડમાં ઘસડવાની કોશિશો થાય છે. જોકે ઈન્ટરનેટથી લોકો અને સંસ્થાઓની ખાનગી માહિતી હટાવવાનો હક્ક આપવા સંબંધી એવી વ્યવસ્થાઓનો વિરોધ પણ થતો રહ્યો છે. કેટલાક લોકો કહે છે કે તેનાથી અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું હનન થાય છે. સાથે જ તેઓ તમામ માહિતીઓ જે લોકો સુધી પહોંચવી જોઈએ, તેમને સરકાર દ્વારા રોકી લેવાનો અંદેશો પેદા થાય છે. એવા મામલે પેચીદગી એ છે કે એવી માહિતી અને તસવીરોના પ્રકાશથી જો માનવામાં આવે કે કાયદા તૂટી રહ્યા છે તો એ નક્કી નથી થઈ શકતું કે આખરે તેના માટે કોણ જવાબદાર છે. એ વ્યક્તિ જેણે આવા ફોટો કે માહિતી વેબસાઈટ પર મૂકી કે પછી તે ડિજિટલ કંપનીઓ, જે તેમના દ્વારા પૈસા બનાવવા માટે તમામ પ્રકારના ખેલ કરી રહી છે? કેટલીય વાર આવી ઘટનાઓઅને લોકોની ભાળ મેળવવી અને તેમને સજા અપાવવી ઘણું જટિલ બની જાય છે. જો મામલો બીજા દેશોના ઈન્ટરનેટ યુઝર્સ સાથે જોડાયેલો હોય તો આ કામ વધુ મુશ્કેલ થઈ જાય છે.

એકંદરે લોકોની અંગત માહિતી સુધી ડિજિટલ કંપનીઓ અને આધાર જેવા પ્રબંધોની પહોંચ અને ત્યાંથી લીકેજના ખતરાની અસર ભારત જેવા લોકતાંત્રિક દેશની રાજકીય-સામાજિક સંરચના પર પણ પડી શકે છે. તેથી જરૂરી છે કે આ પ્રકારની કોઈપણ પરવાનગી આપતી વખતે એ સુનિશ્ચિત કરવામાં આવે કે સામાન્ય લોકોની નિજતા અને અંગત તથા ગોપનીય ડેટા સુરક્ષિત રહે.

# દેશમાં હાઈવે માટે પર્વતો કપાતા ભૂસ્ખલન વધ્યા

## ભૂસ્તરશાસ્ત્રીઓ અને નિષ્ણાતોએ આ દુર્ઘટના માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ને જવાબદાર ઠેરવ્યા



નવી દિલ્હી, તા.૧૯

હિમાચલ પ્રદેશમાં આ અઠવાડિયે વરસાદને કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન અને પૂરની સ્થિતિ સર્જાય હતી. જેના કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા અને મોટી સંખ્યામાં મકાનો ધરાશાયી થઈ ગયા. આ ઘટનાઓમાં લગભગ ૬૦ લોકોના મોત થયા છે અને અનેક લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે. એનડીઆરએફ મુજબ, રાજ્યમાં બચાવ અને રાહત માટે કેન્દ્રીય દળની ૨૯ ટીમો તૈનાત કરવામાં આવી છે, જેમાંથી ૧૪ સક્રિય છે જ્યારે બાકીની ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. આ સિવાય એસડીઆરએફ, આર્મી, એરફોર્સ, પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી કરી રહ્યા છે. આ અફાત વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫ સાથે કાલકા-શિમલા રોડનો ૪૦ કિલોમીટરનો પટ્ટો તેમજ પરવાનુ-સોલન રોડના કેટલાક ભાગો ભારે વરસાદને કારણે ભૂસ્ખલનને કારણે ધોવાઈ ગયા હતા.

ભૂસ્તરશાસ્ત્રીઓ અને નિષ્ણાતોએ આ દુર્ઘટના માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ને જવાબદાર ઠેરવ્યા છે. ભૂસ્તરશાસ્ત્રીઓ અને નિષ્ણાતોએ કહ્યું છે કે, આ રસ્તાને પહોળો કરવાની જરૂર હતી તો રસ્તાની ગોઠવણી બદલી શકાઈ હોત અથવા ત્યાં ટનલ બનાવી શકાઈ હોત. પંજાબ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના પૂર્વ ડિરેક્ટર ઓમ ભાર્ગવે જણાવ્યું હતું કે, પર્વતોના લગભગ વર્ટિકલ કટિંગને કારણે ઢોળાવ અસ્થિર થઈ ગયો છે. તેને વરસાદ પડે કે ન પડે તેનાથી કોઈ ફરક પડતો નથી. આ ઢોળાવ તો સંતુલન કરે છે પરંતુ તે નીચે સરકે છે. ભૂવૈજ્ઞાનિકોની ભૂસ્ખલન સંદર્ભે ચેતવણી તેમણે કહ્યું કે, વર્ટિકલ કટિંગનો અર્થ એ છે કે પર્વતનો ઢોળાવ ૯૦ ડિગ્રીની ખૂબ નજીક થઈ જાય છે, જ્યારે ભૂસ્તરશાસ્ત્રીઓના મતે ઢાળ ૬૦ ડિગ્રીથી ઓછો હોવો જોઈએ. આ કારણે હાઈવેના ઢોળાવ પર સતત પથ્થરોનો વરસાદ થઈ રહ્યો છે, જેના કારણે હાઈવેની એક લેન પરનો વાહનવ્યવહાર નિયમિત અંતરે ખોરવાઈ રહ્યો છે.


# ISRO આદિત્ય L-1 લોન્ચ કરવાની કરી રહ્યું છે તૈયારી..



(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૧૯

ભારતની સ્પેસ એજન્સી ISRO આદિત્ય L-1 લોન્ચ કરવાની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે. બીજી તરફ, ભારતીયો ચંદ્રયાન-૩ ની સફળતાની ઉજવણી કરશે, જ્યારે ISRO આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્પેસ સ્ટેશનથી આદિત્ય એલ-૧ લોન્ચ કરવાની સંભાવના પર કામ કરી રહ્યું છે. આદિત્ય એલ-૧ શ્રીહરિકોટા પહોંચી ગયુ છે. અત્યાર સુધીની યોજના અનુસાર, સૂર્યનો અભ્યાસ કરવા માટેનું આ દેશનું પ્રથમ મિશન સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ કરવામાં આવશે. તેને ઈસરોના યુઆર રાવ સેટેલાઈટ સેન્ટરમાં બનાવવામાં આવ્યું છે. આદિત્ય એલ-૧ સૂર્ય પર અભ્યાસ કરશે. તે પૃથ્વીથી ૧.૫ મિલિયન કિલોમીટરની મુસાફરી કરીને હાલો ઓર્બિટમાં પહોંચશે. ઈસરોનું માનવું છે કે આ ભ્રમણકક્ષામાં ઉપગ્રહ સ્થાપિત કરવાનો ફાયદો એ છે કે અહીંથી સૂર્ય પર સતત નજર રાખી શકાય છે. આ તે સ્થાન છે જ્યાં સૂર્યગ્રહણની કોઈ અસર નથી. સૂર્યની ગતિવિધિઓ અને અવકાશ પર તેની અસરનો ઊંડો અભ્યાસ કરવો અનુકૂળ રહેશે. કામ સરળ રહેશે. આદિત્ય એલ-૧ સાથે સાત પેલોડ (વિવિધ સાધનો) પણ અવકાશમાં મોકલવામાં આવી રહ્યા છે. આ બધા સૂર્યના વિવિધ ભાગોનો અભ્યાસ કરશે અને ઈસરોને રિપોર્ટ કરશે, જેથી વૈજ્ઞાનિકો ભવિષ્યની વ્યૂહરચના પર કામ કરી શકે. મિશનનો ઉદ્દેશ સૂર્યમંડળના ઉપરના વાતાવરણમાં ગતિશીલતાની શોધ કરવાનો છે. આ અભ્યાસ સૂર્યના કોરોનામાં ગરમી સંબંધિત રહસ્યને સમજવામાં મદદ કરશે. અવકાશમાં હવામાનના ફેરફારો સરળતાથી જાણી શકાય છે. સૂર્યની ગરમીને સમજવામાં મિશન માટે મહત્વની ભૂમિકા નક્કી કરવામાં આવી છે. મિશનનો એક મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય સૂર્યના વિસ્તરણ, પ્રભાવ અને ગતિશીલતાને સમજવાનો છે. આદિત્ય-L1 એ ભારતનું પ્રથમ સૌર મિશન છે, જો કે જો આપણે વિશ્વની વાત કરીએ તો, સૂર્ય વિશે મહત્વપૂર્ણ માહિતી એકત્ર કરવા માટે ઘણી વખત પ્રયાસો કરવામાં આવ્યા છે. યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા સૌથી વધુ પ્રયાસો કરવામાં આવ્યા છે, જેણે અત્યાર સુધીમાં ૨૨ મિશન મોકલ્યા છે. આ સિવાય નાસાએ પણ ઘણી વખત આનો પ્રયાસ કર્યો છે, નાસાએ ૧૯૬૦માં જ પોતાનું પહેલું સોલર મિશન લોન્ચ કર્યું હતું. નાસાના ૧૪ સોલર મિશનમાંથી ૧૨ હજુ પણ સૂર્યની ભ્રમણકક્ષામાં છે.

# બાળકોના સ્વાસ્થ્ય ઉપર સ્માર્ટફોનની ખરાબ અસર



નવી દિલ્હી, તા.૧૭

કબીર દાસનો એક દોહો છે કે- અતિ કા ભલા ન બોલના, અતિ કી ભલી ન ચૂપ, અતિ કા ભલા ન બરસના, અતિ કી ભલી ન ધૂપ. આ દોહો સ્માર્ટફોનના ઉપયોગના મામલામાં આ દોહો એકદમ ફિટ બેસે છે. આજના સમયમાં સ્માર્ટફોન ઉપયોગની અતિ થઈ રહી છે, જે તમને બીમાર બનાવી રહી છે. જેમ પરમાણુ બોમ્બની સાઈડ ઈફેક્ટ આજે પણ હિરોસિમા અને નાગાશાકીના બાળકોમાં જોઈ શકાય છે. આવી સ્માર્ટફોનની સાઈડ ઈફેક્ટ છે, જે બાળકોને માનસિક, શારીરિક રીતે નુકસાન પહોંચાડી રહ્યો છે. તેની અસર બાળકોની આખી જિંદગીમાં જોવા મળે છે. ઈન્ડિયન સ્પીચ એન્ડ હિયરિંગ એસોસિએશન એટલે કે ISHA એ હેલ્થ પાર્લિયામેન્ટની સાથે મળીને એક ડોર ટૂ ડોર સર્વે કર્યો છે. તેમાં દિલ્હી એનસીઆર અને જમ્મુ-કાશ્મીરના બાળકોને સામેલ કરવામાં આવ્યો છે. આ સર્વે રિપોર્ટથી ખુલાસો થયો છે કે સ્માર્ટફોનનો જરૂર કરતા વધુ ઉપયોગને કારણે બાળકોમાં સાંભળવાનો ડિસઓર્ડર થઈ રહ્યો છે. સંક્ષેપમાં કહો તો બાળકોમાં બહેરાપનની બીમારી ઝડપથી વધી રહી છે. સામાન્ય રીતે દરેક ઉંમરના લોકોમાં સાઉન્ડ ડિસઓર્ડરની સમસ્યા ઝડપથી દેખાઈ રહી છે. સામાન્ય રીતે દરેક ઉંમર વર્ગના લોકોમાં સાઉન્ડ ડિસઓર્ડરની સમસ્યા જોવા મળી રહી છે. પરંતુ ખાસ કરીને બાળકોમાં તેના ઝડપથી ફેલાવાના પ્રમાણ મળી રહ્યાં છે.

### આ છે ડિસઓર્ડરનું કારણ

- રિપોર્ટ પ્રમાણે દિલ્હીના ૬થી ૧૨ વર્ષના ૪૨.૪ ટકા બાળકો આ બીમારીનો શિકાર બની રહ્યાં છે.
- તો ૧૩થી ૧૮ વર્ષના ૩૧.૧ ટકા બાળકોમાં સાઉન્ડ ડિસઓર્ડર થઈ ચુક્યો છે.
- તો ઝીરોથી ૫ વર્ષના બાળકોમાં સ્માર્ટફોનના ઉપયોગને કારણે લેંગ્વેજ ડિસઓર્ડર થઈ ચુક્યો છે.
- આ ડિસઓર્ડર ૦-૫ વર્ષના ૬૯ ટકા બાળકોમાં જોવામાં આવ્યો છે. જ્યારે ૧૩થી ૧૮ વર્ષના ૪૮.૨ ટકા બાળકોમાં ડિસઓર્ડર જોવા મળી રહ્યો છે.
- તો ૧૯થી ૨૫ વર્ષના બાળકોમાં વોઈસ ડિસઓર્ડરની સમસ્યા ૧૧૭ ટકા છે, જ્યારે ૧૩થી ૧૮ વર્ષના બાળકોમાં આંકડો ૧૧.૬ ટકા છે.
- કાશ્મીરમાં ૫૭.૬ ટકા મહિલાઓ અને ૪૨.૪ ટકા પુરૂષોમાં કમ્યુનિકેશન ડિસઓર્ડર થયો છે. તો કાશ્મીરમાં ૬૬.૪ ટકા મેલ અને ૩૩.૬ ટકા મહિલાઓમાં સમસ્યા જોવા મળી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

નિરાશા નિર્બળતાનું ચિહ્ન છે.

- સ્વામી રામતીથ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૩ અશ્વત્થ મારૂતિ પૂજન, મધુશ્રવા ત્રીજ, હરીયાલી ત્રીજ તા.૧૯ ઓગષ્ટ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, સિધ્ધ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૨૦

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વાહન-જમીનથી લાભ થાય. જીવસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ: માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મિથુન: વ્યર્થ ખર્ચ પર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
કર્ક: આકસ્મીક ધનલાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
સિંહ: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા: પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સમસ્યા હળવી બને.
તુલા: અણધાર્યો લાભ મળે. નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ.
વૃશ્ચિક: નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નીવારી શકાય.
ધન: આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
મકર: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

## શ્રાવણ સત્સંગ

### પવિત્ર અમરનાથની કથા



એક વખત દેવાધિદેવ શિવજીએ માતા પાર્વતીજી સમક્ષ પોતે રૂંઢમાળા શા માટે ગળામાં ધારણ કરે છે તેનું રહસ્ય પ્રગટ કરતા જણાવ્યું કે, ‘ તમારા દરેક અવતાર બાદ તમારો દેહવિલય થાય ત્યારે તે સમયે તમારી ખોપરીને હું મારી આ રૂંઢમાળામાં પોરવી દઉં છું. કારણ કે, તમે મને અત્યંત પ્રિય છો.’

આ સમયે શિવજી અજર-અમર છે અને પોતાને વારંવાર અવતાર લેવા પડે છે એ વાત માતા પાર્વતીજીએ જાણી ત્યારે પોતે પણ અમર થવા માટેની જીદ પકડી ત્યારે મહાદેવજીએ માતા પાર્વતીજીને જણાવ્યું કે, ‘ અમર થવા માટે અમર કથા સાંભળવી પડે. આ કથા કોઈ એકાંત પ્રદેશમાં જ થઈ શકે.’

માતા પાર્વતીજી એકાંત પ્રદેશમાં અમર કથા સાંભળવા તૈયાર થયા. ત્યારે શિવજી અને પાર્વતીજી કૈલાસથી નીચે નિર્જન પહાડીઓમાં આવ્યા. કાલાગ્ની રૂદ્રને શિવજીએ આજ્ઞા આપી કે આ પહાડોની આસપાસ કોઈ જીવ, જંતુ, પશુ-પક્ષી કે વૃક્ષ-ઝાડ-પાન ન રહેવા જોઈએ.

કાલાગ્ની રૂદ્રએ તે બધાયને બાળી નાખ્યા. પછી પહાડોમાં એક ગુફામાં બેસી અને શિવજીએ માતા પાર્વતીને કહ્યુ, ‘ હુ હવે અમર કથાનો પ્રારંભ કરું છું. તમે હોંકારો ભણતા રહેજો. કારણ કે, આ અમરકથા હું સમાધિ અવસ્થામાં તમને કહીશ. તમને મુક્તિની પ્રાપ્તિ થાય તેવું જ્ઞાન હું તમને આપીશ.’

આમ કહી શિવજી તો સમાધિ લગાડીને બેસી ગયા. તેમના મુખમાંથી અમરવાણીનું જ્ઞાન વહેલા લાગ્યું. પાર્વતીજી કથા સાંભળતાં સાંભળતાં હોંકારો દેવા લાગ્યા. પરંતુ આ કથા સાંભળતા પાર્વતીજીને તો ઝોંકુ આવી ગયું તેઓ નિદ્રાધિન થઈ ગયા.

જ્યારે અમરકથા પુરી થઈ તો શિવજીએ આંખો ખોલીને જોયું તો માતા પાર્વતીજી તો ઘસઘમાટ નિંદ્રામાં હતા ત્યારે શિવજીને પ્રશ્ન થયો કે, તો પછી પાર્વતીજીના બદલે હોંકારો કોણ દેતુ હતુ ? તેમણે ગુફામાં ઉપર દૃષ્ટિ કરી તો તે કબુતરના બચ્ચાં દેખાયા. તે બોલ્યા, ‘ પ્રભુ, અમે આ માળામાં ઈંડા ના સ્વરૂપમાં હતા. આપે જ્યારે ગુફામાંથી પ્રાણવાયું સમેટી લીધેલો ત્યારે અમારી માં અમને ઈંડા સ્વરૂપે મુકી અને ઉડી ગઈ હતી. ત્યાર પછી ઈંડામાંથી અમે બહાર નિકળ્યા અને આપની અમરવાણી સાંભળી અમે જ હોંકારો દેતા હતા.

ત્યારે દેવાધિદેવ મહાદેવે કહ્યુ, ‘ અમર કથા સાંભળી તમે અમર થઈ ગયા પરંતુ પાર્વતીજી અમર ન થઈ શક્યા.’ આજે પણ અમર થયેલા તે કબુતરના અમરનાથજીની ગુફામાં દર્શન થાય છે.

આ અમરનાથજીની ગુફામાં સ્વયંભુ બરફનું શિવલીંગ થાય છે. જે એકમના નાનુ થઈ જાય છે અને પુનમના પરિપુર્ણ થાય છે. ત્યાં બરફના સુતેલી સ્થિતિમાં પાર્વતી માતા અને ગણેશજી પણ બિરાજે છે. અષાઢ સુદ પૂર્ણિમાથી શ્રાવણ સુદ પૂર્ણિમા સુધી અહીં દર વર્ષે મેળો ભરાય છે. આ અમરનાથજીની યાત્રા કરી ભાવિકો ધન્યતાનો અનુભવ કરે છે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

### ગાંધીનગરમાં 'વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઈન્ડિયા'ના ઉદ્‌ઘાટન પ્રસંગે WHOના વડાનું સંબોધન

# ડિજિટલ હેલ્થ એ એક મહાન સંપત્તિ છે, જે અંદરના વિસ્તારોમાં તબીબી સંભાળ પૂરી પાડે છે

## હેલ્થ કેર ઈનોવેશનમાં ભારત હંમેશા અગ્રેસર, આપણા પ્રયાસો હેલ્થકેર ઈકોસિસ્ટમ ઊભી કરવાની દિશામાં : આરોગ્ય મંત્રી

ગાંધીનગર, તા.૧૯

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ ગાંધીનગર ખાતે આજે વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઈન્ડિયા ઈવેન્ટ વખતે સર્વાનંદ સોનોવાલ, આયુષ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી, રાજ્ય મંત્રી ડૉ.ભારતી પ્રવિણ પવાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી પ્રો.એસ.પી.સિંઘ બઘેલ, નીતિ આયોગના સભ્ય ડૉ.વી.કે.પોલ, વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશક ડૉ.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસ અને ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની હાજરીમાં પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

માલદીવ સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયના રાજ્ય મંત્રી શાહ માહિર, માલદીવ સરકારના સ્વાસ્થ્યના નાયબ મંત્રી સફિયા મોહમ્મદ સઈદ, સોમાલિયા સરકારના નાયબ સ્વાસ્થ્ય મંત્રી ડૉ.મોહમ્મદ હસન મોહમ્મદ મોહમ્મદ, સોમાલિયા સરકારના સ્વાસ્થ્ય અને વસ્તી મંત્રી મોહન બહાદૂર બાસ્નેટ, ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ નેપાળના સ્વાસ્થ્ય અને વસ્તી મંત્રી મોહન બહાદુર બાસ્નેટ અને શ્રીલંકા સરકારના સ્વાસ્થ્ય મંત્રી ડૉ.કેહલિયા રામબુકવેલા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આરોગ્ય મંત્રીએ 'ધ એડવાન્ટેજ હેલ્થ કેર ઈન્ડિયા'નો આરંભ કરાવ્યો હતો. દર્દી માટે વન સ્ટોપ ડિજિટલ પોર્ટલ અને 'વર્કફોર્સ મોબિલિટી' જેમાં જણાવાયું છે કે, આ બંને પોર્ટલનું લોન્ચિંગ ભારત માટે માત્ર સીમાચિહ્નરૂપ જ નથી, પરંતુ આપણી વૈશ્વિક જવાબદારીઓ અદા કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. હેલ્થકેર ઈનોવેશનમાં ભારત હંમેશા અગ્રેસર રહ્યું છે. આ પોર્ટલો મારફતે અમે આજે હેલ્થકેરમાં પડકારોને આગળ વધારતા કેટલાક સૌથી વધુ પડકારોનો નક્કર ઉકેલ ઓફર કરી રહ્યા છીએ. ભારતીય આરોગ્ય પ્રણાલી વિશે વિસ્તૃત વર્ણન કરતા આરોગ્ય મંત્રીએ ટાંક્યું હતું કે, આજે ભારત ૧.૩ મિલિયન એલોપેથિક ડોક્ટર્સ, ૮,૦૦,૦૦૦ આયુષ ડોક્ટર્સ અને ૩.૪ મિલિયન નર્સો અને સહાયક નર્સ અને મિડવાઈવ્સનું કાર્યબળ ધરાવે છે, જેમાં ભારત હેલ્થકેર વ્યાવસાયિકો વૈશ્વિક સમુદાયની સેવા કરવા માટે વિશ્વના વિવિધ ભાગોમાં પ્રવાસ કરે છે. ભારતમાં સ્વાસ્થ્યને એક સેવા તરીકે જોવામાં આવે છે એ વાતનો પુનરોચ્ચાર કરતાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્ર હેલ્થકેરની જનકેન્દ્રિત, મૂલ્યઆધારિત વ્યવસ્થા ઊભી કરવાની આકાંક્ષા ધરાવે છે. તબીબી મૂલ્યની મુસાફરીથી જ્ઞાનની વહેંચણીમાં વધારો થશે, સ્થાયી ભાગીદારી થશે અને મજબૂત વૈશ્વિક સ્વાસ્થ્ય માળખાનું નિર્માણ કરવામાં પ્રદાન કરવા માટે સમન્વયમાં વધારો થશે. અમે વધારે સર્વસમાવેશક અને સમાન દુનિયાનું નિર્માણ કરવાનો પ્રયાસ કરીએ છીએ, જ્યાં હેલ્થકેર કોઈ સીમાઓ જાણતી ન હોય અને કુશળ હેલ્થકેર વ્યાવસાયિકો જ્યાં પણ હોય ત્યાં ફરક પાડી શકે. અમારા સામૂહિક પ્રયાસો હેલ્થકેર ઈકોસિસ્ટમ ઊભી કરવાની દિશામાં હશે, જે દરેક રાષ્ટ્ર, દરેક નાગરિક અને દરેક જીવના અવાજને સ્વીકારે છે.

## ચિકિત્સાની પરંપરાગત પ્રણાલીમાં ભારત સોફ્ટ પાવર હોઈ આરોગ્ય ક્ષેત્રે મુખ્ય ભૂમિકા ભજવી શકે : સોનોવાલ

કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે નોંધ્યું હતું કે, ભારત જી-૨૦ પ્રેસિડેન્સીની થીમ 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર'માં સ્થિતિ સ્થાપક વૈશ્વિક હેલ્થકેર સિસ્ટમનું નિર્માણ કરવાના લક્ષ્યાંકમાં તબીબી મૂલ્યની મુસાફરી અને હેલ્થકેર વર્કફોર્સ મોબિલિટીને મહત્ત્વપૂર્ણ પાસા તરીકે સામેલ કરવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'આપણા પરંપરાગત હેલ્થકેર સિસ્ટમ્સના નિવારણાત્મક અને પ્રોત્સાહક અભિગમે આજે આધુનિક યુગમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે, ખાસ કરીને જ્યારે તાજેતરના સમયમાં વૈશ્વિક આરોગ્ય પીડિત હતું.' આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે અસરકારક શાસન મારફતે પરંપરાગત ચિકિત્સાની સંવાદિતા અને સંકલિત વ્યૂહરચનાઓના અમલીકરણના મહત્ત્વ ઉપર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, ભારત બી. ચિકિત્સાની પરંપરાગત પ્રણાલીમાં નરમ શક્તિનો ઉપયોગ આરોગ્ય સંભાળના દૃશ્યોમાં આ ચિંતાજનક ફેરફારોને ઘટાડવામાં અહીં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. પ્રોફેસર એસ.પી. સિંઘ બઘેલે જણાવ્યું હતું કે, સાર્વત્રિક આરોગ્ય કવરેજ દેશની પ્રાદેશિક સરહદોમાં મર્યાદિત નથી. ભારત પાસે વન અર્થ વન હેલ્થનું વિઝન છે, અમે ભારત દ્વારા સાજા થઈને અને ભારતમાં હીલ દ્વારા મુલાકાત લેનારાઓને અન્ય દેશને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો ઈરાદો ધરાવીએ છીએ. ડૉ.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે જણાવ્યું હતું કે, મેડિકલ વેલ્યુ ટ્રાવેલ દેશોને તેમની રાષ્ટ્રીય ક્ષમતાના નિર્માણમાં પૂરક તરીકે સેવા આપી શકે છે. તબીબી મૂલ્યની મુસાફરીનો લાભ લઈને, દેશો વિશિષ્ટ સંસાધનો અને સેવાઓ પ્રદાન કરી શકે છે જે વિશ્વના અન્ય ભાગોમાં ઉપલબ્ધ, વાજબી અથવા સુલભ ન હોઈ શકે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ડિજિટલ હેલ્થ એ એક મહાન સંપત્તિ છે, કારણ કે, તે દર્દીઓને આયુષ્માન ભારત સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો જેવા પ્લેટફોર્મ ઉપર ટેલિમેડિસિન મારફતે તબીબી સ્વાસ્થ્ય સેવાઓ સુલભ કરવા સક્ષમ બનાવે છે. ડિજિટલ હેલ્થ પરવડે તેવા તફાવતને દૂર કરે છે, જે સૌથી અંદરના વિસ્તારોમાં તબીબી સંભાળ પૂરી પાડે છે અને એવા દર્દીઓ માટે કે જેઓ આ સેવાઓ પરવડી શકે તેમ નથી. યુરોપિયન યુનિયન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં હેલ્થકેર સિસ્ટમને મજબૂત બનાવવા માટે સહયોગના ક્ષેત્રોની શોધ કરવા અને અન્ય ક્ષેત્રોમાં રોગની દેખરેખ અને ક્ષમતા નિર્માણ માટે ક્ષમતાઓ વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સઉદી અરેબિયા સાથેની બેઠકમાં નિયમનકારી જરૂરિયાતો, સંયુક્ત સાહસો, ખાસ કરીને એપીઆઈમાં ટેક્નોલોજી હસ્તાંતરણ, પુરવઠા શ્રુંખલાને જોખમમુક્ત કરવા અને તેમાં સ્થિતિ સ્થાપકતા વધારવા ઉપર અનુભવો અને શ્રેષ્ઠ કામગીરીનું આદાનપ્રદાન સામેલ હતું. તેમણે ઔષધ નિયમનકારો વચ્ચે અને ફાર્માકોપિયામાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સહકારમાં પણ રસ દાખવ્યો હતો.

# ગુજરાતની ૩૮ ટકાથી વધુ વસ્તી કુપોષિત : નીતિ આયોગનો અહેવાલ

**નીતિ આયોગના અહેવાલ અનુસાર છત્તીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ જેવા પછાત રાજ્યો પોષણક્ષમ ખોરાક મામલે ગુજરાત કરતાં સારી સ્થિતિમાં, ગુજરાતના ૩૯ ટકા બાળકો પોતાના વયના પ્રમાણમાં ઓછું વજન ધરાવે છે**




અમદાવાદ,તા.૧૯

પોષણક્ષમ ખોરાક મામલે ગુજરાતને હજુ લાંબી મજલ કાપવી પડે તેમ છે, કેમ કે, રાજ્યની ૩૮ ટકાથી વધુ વસ્તિ કુપોષણથી ગ્રસ્ત છે. ચાલુ વર્ષે નીતિ આયોગ દ્વારા જારી કરવામાં આવેલા નેશનલ મલ્ટીડિમેનશનલ પોવર્ટી ઈન્ડેક્સ (એમપીઆઈ)ના અહેવાલમાં આ અંગનો ખુલાસો કરવામાં આવ્યો હતો. ગ્રામીણ ગુજરાતની લગભગ ૪૪.૪૫ ટકા વસ્તી જ્યારે શહેરીવિસ્તારની ૨૮.૯૭ ટકા વસ્તી કુપોષણનો શિકાર છે.

નીતિ આયોગના અહેવાલ અનુસાર છતીસગઢ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ જેવા પછાત રાજ્યો પોષણક્ષણ ખોરાક મામલે ગુજરાત કરતા સારી સ્થિતિમાં છે. ગુજરાત કુપોષિત બાળકોની શરતો મામલે ચોથા સ્થાને છે. નેશનલફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ - ૫)ના આ આંકડાના આધારે આ વાત સ્પષ્ટ કરવામાં આવી હતી. ગુજરાતના૩૯ ટકા બાળકો પોતાના વયના પ્રમાણમાં ઓછું વજન ધરાવે છે. એટલું જ નહીં કમજોર અને ઓછા વજન ધરાવતા બાળકોના મામલામાં ગુજરાત બીજા સ્થાને છે. જેની ટકાવારી રાજયમાં અનુક્રમે ૨૫.૧ ટકા અને ૩૯.૭ ટકા છે. આ અહેવાલો અને આંકડાના આધારે એવું પુરવાર થાય છે કે, ગુજરાત આરોગ્યના માપદંડમાં નબળું છે. એમપીઆઈના આંકડાનું નિરિક્ષણ કરતા અમદાવાદની સેન્ટઝેવિયર્સ કોલેજના અર્થશાસ્ત્રવભાગના અધ્યાપક અતમન શાહે જણાવ્યું હતું કે, કુપોષણ એ ગંભીર ચિંતાની બાબત છે. વર્ષ ૨૦૧૬માં બંગાળના ૩૩.૬ ટકા પરિવારઅને ગુજરાતના ૪૧.૩૭ ટકા પરિવારોમાં એક સભ્ય કુપોષણગ્રસ્ત હતો. વર્ષ ૨૦૨૧માં આ આંકડો બંગાળમાં ૨૭.૩ ટકાઅને ગુજરાતમાં ૩૮.૯ ટકા નોંધાયો હતો. આંકાડાઓમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે, આ સમય દરમ્યાન ગુજરાતના દર ૧૦૦ લોકોમાંથી ત્રણ વ્યક્તિઓ કુપોષણથી પીડિત હતી. જ્યારે આ મામલે બંગાળની સ્થિતિ ઘણી સારી જોવા મળી હતી. બંગાળમાં દર ૧૦૦ વ્યક્તિમાંથી છ વ્યક્તિ કુપોષણગ્રસ્ત હતી.

નીતિ આયોગના અનુસાર ગુજરાતની ૨૩.૩૦ ટકા વસ્તી ઘરથી વંચિત છે. કેરળ, પંજાબ, તમિલનાડુ આ મામલે ગુજરાત કરતા સારી સ્થિતિમાં જણાયા હતા. જ્યારે ગ્રામીણ ગુજરાતમાં તો આ આંકડો વધુ ચિંતાજનક છે. ગ્રામીણ ગુજરાતમાં ૩૫.૫૨ ટકા વસ્તી ઘરથી વંચિત છે. જે આંકડો હરિયાણા, પંજાબ, કેરળ અને તમિલનાડુના આંકડા કરતા વધુ છે.

# ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટેના મેરિટ લિસ્ટમાં ૧૦,૨૧૪વિદ્યાર્થીઓનો સમાવેશ

**● એડમિશન કમિટી દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું ● ૨૦મી સુધી વિદ્યાર્થીઓ મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલીંગ કરી શકશે, ૨૩મીએ પરિણામ**

અમદાવાદ, તા.

ડિપ્લોમા ઈજનેરીમાંથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે એડમિશન કમિટી દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૦,૨૧૪ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયાની સાથે મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલીંગ પણ શરૂ કરી દેવાયું છે. જેમાં વિદ્યાર્થીઓ ૨૦ ઓગસ્ટ સુધી ચોઈસ ફિલીંગ કરી શકશે અને ૨૩મીએ ચોઈસ ફિલીંગનું પરિણામ જાહેર કરાશે. આ વર્ષની ૧૦ ટકા પ્રમાણે ૬,૭૮૨ બેઠકો અને અગાઉના વર્ષોની ખાલી પડેલી ૪૨,૪૩૦ બેઠકો મળી કુલ ૪૯ હજાર કરતા વધુ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, એડમિશન કમિટી દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ ડીપ્લોમાથી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમ માટેની પ્રોવિઝનલ મેરીટ યાદી જાહેર કરવામાં આવી છે. એડમિશન કમિટી દ્વારા નક્કી સમય કરતા બે દિવસ વહેલી યાદી જાહેર કરી દીધી છે. આ મેરીટ યાદીમાં રાજ્યમાંથી અલગ અલગ કુલ ૧૯ બોર્ડમાંથી ડીપ્લોમા પાસ કરાયેલ ૧૦,૨૧૪ વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવેશ સમિતિ ખાતે કુલ ૧૪,૮૦૫ વિદ્યાર્થીઓએ ફી ભરીને રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવ્યું હતું. બુધવારના રોજ એડમિશન કમિટી દ્વારા મેરીટ યાદી જાહેર કરવાની સાથે વિદ્યાર્થીઓની મોક રાઉન્ડ ચોઈસ ફીલિંગની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી ૨૦ ઓગસ્ટ સુધી હાથ ધરાશે, ત્યારબાદ ૨૩ ઓગસ્ટના રોજ એડમિશન કમિટી દ્વારા મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરાશે. વિદ્યાર્થીઓ વેબસાઈટ ઉપર પોતાના લોગીન દ્વારા મેરિટ જાણી શકશે. આ વર્ષે બેઠકોની સંખ્યા જોઈએ તો, સરકારી-અર્ધસરકારી ૧૯ કોલેજોની ૧૦ ટકા પ્રમાણે ૧૧૬૫ બેઠકો છે, જ્યારે અગાઉની વર્ષોની ખાલી પડેલી ૫૯૪૮ બેઠકો મળી કુલ ૭,૧૧૩ બેઠકો છે. જ્યારે ખાનગી ૧૧૨ કોલેજોમાં ૧૦ ટકા પ્રમાણે ૫,૬૧૭ બેઠકો છે અને અગાઉના વર્ષોની ૩૬,૪૮૨ બેઠકો મળી કુલ ૪૨૦૯૯ બેઠકો છે. આમ, ખાનગી અને સરકારી સહિતની કુલ ૧૩૧ કોલેજોમાં ૧૦ ટકા પ્રમાણે ૬,૭૮૨ બેઠકો અને અગાઉના વર્ષોની ખાલી બેઠકો ૪૨,૪૩૦ મળી કુલ ૪૯૨૧૨ બેઠકો ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટેકનોલોજીલ યુનિવર્સિટીની ડીપ્લોમાની પરીક્ષા ૧૯ માર્ચના રોજ પૂર્ણ થઈ હતી. ડીગ્રી ઈજનેરીના ત્રીજા સેમેસ્ટરની શરૂ થવાની ૧૭ ઓગસ્ટ છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ૧૪ ઓગસ્ટના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૫ ઓગસ્ટના રોજ STPI સમિતિને પ્રાપ્ત થતા ૧૬ ઓગસ્ટના રોજ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આમ આ વર્ષે ગતવર્ષની જેમ ડીપ્લોમાનાં વિદ્યાર્થીઓ રેગ્યુલર વિદ્યાર્થી સાથે શૈક્ષણિક કાર્ય શરૂ કરી શકશે. એડમિશન કમિટી દ્વારા પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૦૪૫૯ બેઠકો સામે ૧૪૮૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. વધુમાં વર્ષ ૨૦૨૦થી AICTEની માર્ગદર્શિકા અન્વયે લઘુતમ લાયકાત ધરાવતા ડીપ્લોમા ઈજનેરી પાસ કરેલા વિદ્યાર્થી, ડિગ્રી ઈજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે. જેથી વિદ્યાર્થીઓ ઉપલબ્ધ બધી જ ચોઈસમાંથી વધુને વધુ ચોઈસ ભરવામાં આવે જેથી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહેશે નહીં.

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ હવે ભરતી થઈ શકશે

ગાંધીનગર,તા.૧૯

પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર આવી શકવાની સંભાવનાઓ વર્તાવા લાગી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં NCTE દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર થતી સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં NCTE દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે. જેને લઈ હવે પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ ભરતી થઈ શકશે. આમ હવે પ્રાથમિક શાળાઓમા B.Ed કરેલ ઉમેદવારોને ભરતીમાં શિક્ષક તરીકે લેવામાં નહીં આવી શકે એવો મોટો ફેરફાર થઈ શકે છે. PTC કરેલ અને ડીપ્લોમા કરેલ તાલીમાર્થીઓને જ શિક્ષક તરીકે લેવામાં આવી શકે છે. ગુજરાતમાં પણ PTC તાલીમાર્થીઓની જ ભરતી કરવામાં આવે એવી માંગ કરવામાં આવી શકે છે. આમ જો ગુજરાત સરકાર આ અંગે ભરતીના નિયમમાં ફેરફાર કરશે તો, માત્ર PTC તાલીમાર્થીઓ જ પ્રાથમિક શિક્ષક તરીકે ભરતી થઈ શકે છે. જોકે આ ભરતી અંગેના નિયમમાં અસમંજસ છે. ૧ થી ૫ ધોરણ કે ૬ થી ૮ ના ધોરણ માટે અલગ અલગ આ નિર્ણયને માનવાનો કે માત્ર એક જ સરખી રીતે લાગુ પડશે એ જોવુ મહત્વનુ રહેશે. આગામી સમયમાં સરકાર દ્વારા આ અંગે નિર્ણય લેવાઈ શકે છે.

## પડતર પ્રશ્નોને લઈ હજારો શિક્ષકોએ કાળાં કપડાં પહેરી વિરોધ નોંધાવ્યો

અમદાવાદ, તા.૧૯

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોના હજારોની સંખ્યામાં શિક્ષકો ગુરૂવારે કાળા કપડા પહેરીને શાળાએ પહોંચ્યા હતા અને પડતર માંગણીઓને લઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ગ્રાન્ટેડ સ્કૂલોના પડતર પ્રશ્નોને લઈને ગુરૂવારથી આંદોલનનો છઠ્ઠો તબક્કો શરૂ થયો છે, જેમાં શિક્ષકો ઉપરાંત આચાર્યો, વહીવટી કર્મચારીઓ અને સંચાલકો કાળા કપડા પહેરીને સ્કૂલે પહોંચ્યા હતા. આગામી ૨૪ ઓગસ્ટ સુધી તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરીને પોતાનો વિરોધ નોંધાવશે. ગ્રાન્ટેડ સ્કૂલોના પડતર પ્રશ્નોને લઈને સંકલન સમિતિ દ્વારા શરૂ કરાયેલા આંદોલનના ભાગરૂપે ગુરૂવારથી રાજ્યની તમામ ગ્રાન્ટેડ સ્કૂલોના શિક્ષકો, આચાર્યો, કર્મચારીઓ અને સંચાલકોએ બ્લેક સપ્તાહ મનાવવાનું શરૂ કર્યું છે, જેમાં તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરીને જ સ્કૂલે આવશે તેમ નક્કકરાયું હતું અને તે મુજબ રાજ્યની તમામ સ્કૂલોમાં કર્મચારીઓ કાળા કપડા પહેરીને અભ્યાસ કરાવવા માટે પહોંચ્યા હતા. આમ, પ્રથમ દિવસે જ બ્લેક સપ્તાહને સજ્જડ પ્રતિસાદ મળ્યો હતો. સંકલન સમિતિ દ્વારા નક્કી થયેલા કાર્યક્રમ અનુસાર આગામી ૨૪ ઓગસ્ટ સુધી તમામ સ્કૂલોમાં શિક્ષકો સહિતના તમામ કર્મચારીઓ આ જ રીતે કાળા કપડામાં જોવા મળશે. રાજ્યના શાળા સંચાલક મંડળ દ્વારા ખાનગી શાળાઓના સંચાલકોને પત્ર લખી આંદોલનમાં સહકાર આપવા આહ્‌વાન કર્યું છે. હાલમાં શરૂ કરવામાં આવેલા બ્લેક સપ્તાહ સાથે-સાથે રાજ્ય સરકારના સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના કાર્યક્રમો, રમતોત્સવ, ચિત્ર સ્પર્ધાઓ વગેરેનો પણ બહિષ્કાર કરી ગ્રાન્ટેડ સ્કૂલોના આંદોલનમાં સહકાર આપવા જણાવ્યું છે. સંચાલક મંડળ દ્વારા ખાનગી સ્કૂલોને લગતા પ્રશ્નોને લઈને પણ અવારનવાર સરકારમાં રજૂઆત કરવામાં આવે છે ત્યારે આ વખતે તેમને પણ ખાનગી સ્કૂલો તરફથી સહકાર મળે તે માટે આહ્‌વાન કરવામાં આવ્યું છે.

## શાળાકીય સ્પર્ધાઓ માટેની મીટિંગ આયોજનનો ગ્રાન્ટેડ સ્કૂલો દ્વારા બહિષ્કાર

અમદાવાદ, તા.૧૯

સંકલન સમિતિ દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને શરૂ કરવામાં આવેલા આંદોલનમાં શૈક્ષણિક કામગીરી સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના ભાગરૂપે શાળાકીય સ્પર્ધાઓ માટે હાલમાં સ્કૂલ્સ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા મિટીંગો શરૂ કરવામાં આવી છે. જેથી સંકલન સમિતિ દ્વારા આવી મિટીંગો કે સ્પર્ધાઓ ન યોજવા માટે આદેશ કરાયો છે. આમ, આંદોલનના પગલે શાળાકીય સ્પર્ધાની મિટીંગ કે આયોજનમાં ગ્રાન્ટેડ સ્કૂલો જોડાશે નહીં. સંકલન સમિતિ દ્વારા શરૂ કરાયેલા આંદોલન હવે ધીમેધીમે આક્રમક સ્વરૂપ ધારણ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંકલન સમિતિના વિવિધ ૧૦ જેટલા પડતર પ્રશ્નોનો હજુ સુધી નિરાકરણ આવ્યું નથી. જેમાં આચાર્યના ઈજાફા બાબતનો પરિપત્ર કરવા, પરિણામ આધારીત ગ્રાન્ટ નિતી રદ કરવા, બિન શૈક્ષણિક સંવર્ગની જગ્યા ૨૦૧૭ના ઠરાવથી રદ કરી છે તેને પુર્નઃ જીવીત કરવા, ફાજલ શિક્ષકોને ૧૨૦ દિવસમાં અન્ય શાળામાં સમાવવાની શરત રદ કરવી, ભરતી, કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી શાળાઓને જ્ઞાન સહાયકની ભરતીની છુટ આપવા સહિતના પડતર પ્રશ્નોને લઈને સંકલન સમિતિ દ્વારા આંદોલન શરૂ કરાયું છે. આ આંદોલનની શરૂઆતમાં જ સંકલન સમિતિ દ્વારા શાળાઓને શૈક્ષણિક સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો. જેના પગલે સ્કૂલોમાં શૈક્ષણિક સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર શરૂ થયો હતો. આ ઉપરાંત અન્ય કાર્યક્રમો પણ આપવામાં આવ્યા હતા અને હાલમાં પણ આંદોલન ચાલુ જ છે. જેમાં બ્લેક સપ્તાહ દ્વારા હવે શાળાના કર્મચારીઓ પોતાનો વિરોધ નોંધાવવાના હોવાનું જાણવા મળે છે.

આ કાર્યવાહી વચ્ચે સ્કૂલ્સ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા શાળાકીય સ્પર્ધાઓ અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ના આયોજન માટે મીટિંગોનો દોર શરૂ કર્યો છે. આ અંગે સંકલન સમિતિને જાણ થતાં તેમણે તમામ ગ્રાન્ટેડ સ્કૂલોને બહિષ્કારના ભાગરૂપે કામગીરીમાં ન જોડાવવા તાકીદ કરી છે. જેમાં જણાવાયું છે કે, આંદોલનના ભાગરૂપે શૈક્ષણિક સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાય છે, તેના ભાગરૂપે આવી કોઈ સ્પર્ધાઓ માટે મિટીંગ કે આયોજનો ગ્રાન્ટેડ સ્કૂલોમાં કરવાના કે કરાવવાના નથી. આમ, છતાં આવા આયોજનની જાણ થશે તો જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની જવાબદારી રહેશે તેમ પણ જણાવાયું છે.

## ૨૦ ઓગસ્ટે ખેલ સહાયક બનવા માટે લેવાનારી પરીક્ષા મોકૂફ

અમદાવાદ, તા.૧૯

રાજ્યની સરકારી સ્કૂલોમાં ખેલ સહાયક બનવા માટે ૨૦ ઓગસ્ટના રોજ લેવાનારી ખેલ અભિરૂચી કસોટી મોકૂફ રાખવાનારાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો છે. રાજ્યની સ્કૂલોમાં ૫૦૭૫ જેટલી જગ્યા સામે ૪૬૦૦ અરજદારોના જ ફોર્મ ભરાયા હોવાથી આ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જો કે, હવે રાજ્યપરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા માટેની નવેસરથી તારીખ જાહેર કરવામાં આવશે. જો કે, તે પહેલા વધુ અરજદારો ફોર્મ ભરી શકે તે માટે કેટલાક ફેરફાર કરવામાં આવી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર,રાજ્ય શિક્ષણ વિભાગની ખેલ સહાયક યોજના અંતર્ગત ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ અભિરૂચી કસોટીમાં પાસ થયેલા ૫૦૭૫ ખેલ સહાયકની કરાર આધારીત નિમણૂક કરવાનું આયોજન કરાયું છે. આ પરીક્ષા માટે ૧૩ જુલાઈના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું અને ઉમેદવારો પાસે ફોર્મ ભરાવવાનીકાર્યવાહી શરૂ કરાઈ હતી, જેમાં ૪ ઓગસ્ટ સુધીમાં ખૂબ જ ઓછા ફોર્મ ભરાયા હોવાથી ઉમેદવારોની લાયકાતમાં ઉમેરો કર્યો હતો અને વયમર્યાદા પણ ૩૫ વર્ષથી વધારીને ૩૮ વર્ષ કરવાનો નિર્ણય લીધો હતો.

# APMC- જૂનાગઢના વેપારી મહામંડળ દ્વારા મહાનુભાવોનો અભિવાદન સન્માન સમારોહ યોજાયો

જૂનાગઢ તા.૧૮

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટિંગ યાર્ડ જૂનાગઢના વેપારી મહામંડળ દ્વારા મહાનુભાવોનું અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં **APMC-** જૂનાગઢના સંસ્થાપક અને પૂર્વ ચેરમેન શ્રી ભીખાભાઈ ગજેરા, પૂર્વ ચેરમેન કિરીટભાઈ પટેલ, સહિતના મહાનુભાવોનું અભિવાદન સાથે સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

**APMC-**જૂનાગઢ ખાતે વેપારી મહામંડળ દ્વારા આયોજિત આ અભિવાદન સમારોહમાં અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા શ્રી કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે, માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂત કલ્યાણની પ્રવૃત્તિઓની સાથે એપીએમસીમાં માળખાકીય સુવિધાઓ ખૂબ વિકસાવામાં આવી છે. જૂનાગઢમાં પ્રાકૃતિક મોલ બનવા જઈ રહ્યો છે તે માટે રાજ્ય સરકારે જે જમીનની બજાર કિંમત અંદાજે ૬-૭ કરોડ થાય છે, તે માત્ર ૨૬ લાખમાં ઉપલબ્ધ કરાવી છે. જે આગેવાનોના સંકલિત પ્રયાસથી શક્ય બન્યું છે. આમ, ખેડૂતો અને વેપારીઓએ પ્રગતિના નવા આયામો સર કરવાના છે.

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં જી-૨૦ વૈશ્વિક મંચ ઉપર સફળતા મળી રહે છે, ઉપરાંત પ્રમાણિકપણે વેપાર-ધંધા કરતા વેપારીઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ માટે જીએસટી સહિતના કાયદામાં સુધારા કરવામાં આવ્યા છે.

વેપારીઓને ખોટી હેરાનગતિ કે,કનડગત સામે એકતા સાથે યાર્ડના સતામંડળ સાથે રહી પ્રતિકાર કરવા માટે પણ જણાવ્યું હતું. આ સાથે તેમણે એપીએમસી-જૂનાગઢ વિકાસની નવી ઊંચાઈ લઈ જવા માટે યોજનાબદ્ધ રીતે આગળ વધવા જણાવ્યું હતું.





ખોટી રીતે હેરાન કરનાર કે, અસામાજિક તત્વોનો ત્રાસ ને ચલાવી ન લેવા પણ વેપારીઓને અનુરોધ કર્યો હતો. આ માટે ધારાસભ્યે પૂર્તિ મદદની તૈયારી દર્શાવવી હતી. અંતમાં તેમણે એપીએમસી-જૂનાગઢની ટીમ વર્ક સાથે આગળ લઈ જવા માટે જણાવ્યું હતું.

એપીએમસી-જૂનાગઢ સંસ્થાપક અને પૂર્વ ચેરમેન શ્રી ભીખાભાઈ ગજેરાએ પ્રાસંગિક સંબોધન કરતા કહ્યું કે, કોઈ પણ સંસ્થા ઊભી કરવી સહેલી નથી તેના સફળતાપૂર્વક સંચાલન અથાગ પરિશ્રમ માંગે છે. આ યાર્ડને ઉભું કરવા માટે અને ખેડૂતોના હિત માટે ગાંમડાનો પ્રવાસ કર્યો હતો. તેમ જણાવતા તેમણે યાર્ડના પ્રારંભિક તબક્કામાં આવેલી માટે મુશ્કેલીઓ વર્ણવી હતી.

આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયાએ કમિશન એજન્ટસ સીધા ખેડૂતો સાથે સંકળાયેલા છે.ત્યારે ખેડૂતોને સાચું માર્ગદર્શન મળી રહે કૃષિ યુનિવર્સિટી તરફ વાળવામાં આવે તો તે પણ એક સેવા ગણાશે. ઉપરાંત તેમણે મગફળીની **BT**-૩૨ જાત વિશે રહેલી ભ્રમણાઓને દૂર કરતા જણાવ્યું કે, બીટી કપાસમાં છે તેવું કોઈ ઝેરી તત્વ-૩૨ મગફળીમાં નથી પરંતુ ફીનોલિક કમ્પાઉન્ડ હોય છે જે ટેસ્ટ માં કડવું હોય છે. જે મગફળીમાં રોગ-જીવાતને આવતી અટકાવે છે. પાણી ભરેલ ખેતરમાં પણ મગફળી પાક ટકી રહે છે.**BT**-૩૨માં તેલ ૫૪ ટકા જેટલું હોય છે. આમ,મગફળીના આ જાતમાં સૌથી વધુ તેલ જોવા મળે છે. આ તેલમાં કોઈ કડવાસ નથી અને ખોરૂ પણ થતું નથી. તેમ તેમણે જણાવ્યું હતું. એપીએમસી-જૂનાગઢના પૂર્વ ચેરમેન શ્રી વિનુભાઈ હપાણી દુકાન-પેઢીઓમાં સ્વચ્છતાનું સ્તર ઊંચું લઈ જવા અને ખેડૂતોનુ સન્માન જાળવવા અને પૂરતા ભાવ આપવા માટે ભારપૂર્વક જણાવ્યું હતુ. તેમાજ પ્રગતિ રહેલી હોવાનું ઉમેર્યું હતું. સૌરાષ્ટ્ર માર્કટીંગ યાર્ડના વેપારી મંડળના પ્રમુખ અતુલ કમાણી, ઉપપ્રમુખ યોગેશભાઈ ક્યાડાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

એપીએમસી-જૂનાગઢના વેપારી મહામંડળના પ્રમુખ શ્રી વિમલભાઈ રાખોલીયા શાબ્દિક સ્વાગત અને ઉપપ્રમુખ સંજયભાઈ માવાણીએ આભાર વિધિ કરી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એપીએમસી-જૂનાગઢના પૂર્વ સેક્રેટરી પી.એસ. ગજેરાએ કર્યું હતુ. આ પ્રસંગે જૂનાગઢ એપીએમસીના ચેરમેન કેવલભાઈ ચોવટીયા, વાઈસ ચેરમેન પ્રવીણભાઈ સોજીત્રા, દાણાપીઠ વેપારી મંડળના પ્રમુખ રાજુભાઈ જોબનપુત્રા, યાર્ડના પૂર્વ વાઈસ ચેરમેન નટુભાઈ પટોળીયા, સીંગદાણા વેપારી મંડળના પ્રમુખ જીતુભાઈ દુધાત્રા, ઘઉં વેપારી મંડળના પ્રમુખ ઉમેશભાઈ રાદડિયા, એપીએમસી-જૂનાગઢના સેક્રેટરી દિવ્યેશ ગજેરા સહિતના મહાનુભાવો અને કમિશન એજન્ટ તથા વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું વેપારી મંડળના મંત્રી કિરીટભાઈ ઠુંમર અને તેમની સમગ્ર ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વોકેશનલ ટ્રેનીગોનું આયોજન

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફસોઈલ એન્ડ વોટર એન્જીનીયરીંગ, ડીપાર્ટમેન્ટ ઓફ ઓફઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનીયરીંગ,ડીપાર્ટમેન્ટ ઓફપ્રોસેસીંગ અને ફૂડ એન્જીનીયરીંગ અને ડીપાર્ટમેન્ટ ઓફ ફાર્મમશીનરી અને પાવર એન્જીનીયરીંગ દ્વારા રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ.સી.એ.આર. અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ૧. રિમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ. ઈન વોટર રિસોર્સ મેનેજમેન્ટ, ૨. સ્ટાર્ટ-અપઓપોર્ચ્યુંનીટીફોર એક્ષ્પ્લોરિન્ગ ઈરીગેશન એક્યુપમેંન્ટ, ૩. ઈમરર્જીગ ટ્રેન્ડસ ઈન ફૂડપ્રોસેસ ઈન્ડસ્ટ્રી, અને ૪. એડવાન્સ કમ્પ્યુટર એડેડ ડીઝાઈન યુસિંગ ક્રીઓ પેરામેટ્રિક સોફ્ટવેર વિષય ઉપર કુલ ૪ વોકેશનલ ટ્રેનીગોનું આયોજન તા.૨૧ ઓગસ્ટ થી ૨૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી કરવામાં આવેલ છે. સદરહું વોકેશનલ ટ્રેનીગોનો સંપૂર્ણ ખર્ચ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ. સી.એ.આર., ન્યુ દિલ્લી અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા થનાર છે. સદરવો કેશનલ ટ્રેનીગોના ઉદ્દ્ઘાટન સમારંભનું આયોજન તા.૨૧ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના સેમીનાર હોલ, જુ.કૃ.યુ. જૂનાગઢ ખાતે કરવામાં આવનાર છે. આ વોકેશનલ ટ્રેનીગોનું આયોજન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી. પી. ચોવટિયાની પ્રેરણા, ડો. આર. બી. માદરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન નિયામક તેમજ આઈ.ડી.પી. યોજનાના પી.આઈ.ના માર્ગદર્શન હેઠળ તેમજ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન અને કો-પી.આઈ. આઈ.ડી.પી., ડો. પી. એમ. ચૌહાણના પ્રોત્સાહન હેઠળ થયેલ છે. આ વોકેશનલ ટ્રેનીગોના આયોજનનો મુખ્ય ઉદ્દેશ અનાજ પ્રોસેસિંગ અને ટેકનોલોજીમાં ઉભરતા પ્રવાહો, ડુંગળીની પ્રક્રિયા માટે ઉભરતી ટેકનોલોજી, મૂલ્યવર્ધિત સ્થિર ઉત્પાદનોઃ ટેકનોલોજી અને માર્કેટિંગ, રેડી ટુ સર્વ **(RTS)** ફળ આધારિત પીણાંમાં ઉભરતા પ્રવાહો, **QGIS** સાથે વૈચારિક અને મૂળભૂત **GIS** તાલીમ, જળવિજ્ઞાનમાં **QGIS** ની એપ્લીકેશન, હેન્ડ્સ-ઓન ગ્રાઉન્ડવોટર મોડેલિંગ, સિંચાઈ સાધનો માટે નિકાસની સંભાવના, સૂક્ષ્મ સિંચાઈ પ્રણાલીઓમાં નિકાસ વ્યવસાયની તકો, ફોરેન ટ્રેડ પોલિસી **(FTP)** અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ **(FTAs)**, સિંચાઈ વિભાગ માટે નિકાસ માટેના મુદ્દા અને ઉકેલ, ક્રિઓ સીએડી સોફ્ટવેરનો પરિચય અને કૃષિમાં તેની એપ્લિકેશન, યુઝર ઈન્ટરફેસ, સોફ્ટવેર ફંડામેન્ટલ્સ, સોફ્ટવેર કોન્સેપ્ટ્સ અને વર્કસ્પેસ ઓર્ગેનાઈઝેશ વગેરેજેવાવિષયોનું ઊંડાણ પૂર્વક સમજણ આપવાનો છે.આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત તરીકેશ્રી તુષાર હુમ્મર, ડાયરેક્ટર, ખેડૂત ગ્રોઅર અને પ્રોસેસર ઓફ ફિટનેસ ક્વાલિટીપીનટ, ગોંડલ, આચાર્ય અને ડીન, કૃષિ મહાવિદ્યાલય અને કો-પી.આઈ. આઈ.ડી.પી., ડો. એસ. જી. સાવલિયા, આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય, ડો.ડી. કે વરુ, વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો. એન.બી. જાદવ, સહ સંશોધન નિયામક ડો. પી. મોહનોત, નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવુતિ, ડો.આર.એમ. સોલંકી, ડાયરેક્ટર આઈ.ટી., ડો. કે. સી. પટેલ, તેમજ અન્ય વિભાગના પ્રાધ્યાપક અને વડાઓ અને અધ્યાપકગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. આ વોકેશનલ ટ્રેનીગોમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, કૃષિ સંલગ્ન શિક્ષકો, સંશોધન, વિસ્તરણ, વેપાર, સંસ્થાઓ સાથે જોડાયેલા અધિકારીઓ, વિદ્યાર્થીઓ ભાગ લેશે.

આવોકેશનલ ટ્રેનીગોતા. ૨૧/૦૮/૨૦૨૩થીતા.૨૫/ ૦૮/૨૦૨૩ દરમ્યાન સવાર તેમજ સાંજના બે સેશનમાં થવાનો છે. જેમાં તજજ્ઞો ઉપરાંત વિવિધ સંસ્થાના ડાયરેકટર, ઉદ્યોગ સાહસિકો દ્વારા ઉપરોક્ત વિષયો અંગે વિદ્યાર્થીઓને સઘન માર્ગદર્શન આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આ કાર્યક્રમનાઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીઓ ડો. એમ. એન. ડાભી, પ્રાધ્યાપક અને વડા, પ્રોસેસીંગ અને ફૂડ ઈજનેરી વિભાગ, ડો. ટી.ડી. મહેતા, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, ડો. એચ. ડી. રાંક, પ્રાધ્યાપક અને વડાસોઈલ એન્ડ વોટર એન્જીનીયરીંગ તેમજઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનીયરીંગ વિભાગતેમજકો-ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીઓં ડો. એચ. વી. પરમાર, સહપ્રાધ્યાપક, સોઈલ એન્ડ વોટર એન્જીનીયરીંગ વિભાગ, ડો. આર. જે. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, સોઈલ એન્ડ વોટર એન્જીનીયરીંગ વિભાગ, પ્રો. એ. એમ. જોષી, મદદનીશ પ્રાધ્યાપક, પ્રોસેસીંગ અને ફૂડ ઈજનેરી વિભાગ, પ્રો. એન. બી. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, પ્રો. જી. ડી. ગોહિલ, મદદનીશપ્રાધ્યાપક, પ્રોસેસીંગ અને ફૂડ ઈજનેરી વિભાગ તેમજ તેમની ટીમ અને વિવિધ કમિટીના કન્વીનરો તથા સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સફેદ ધૈણ-મુંડા નિયંત્રણ માટે ખેડૂતોના હિતમાં ભલામણો કરાઈ

જૂનાગઢ તા.૧૯

સૌરાષ્ટ્રમાં મગફળીનું વાવેતર વધુ જોવા મળે છે અને આ પાકમાં જૂનાગઢ તથા આસપાસના વિસ્તારોમાં મગફળીમાં સફેદ ધૈણ (મુંડા)નો ઉપદ્રવ વધુ માત્રામાં જોવા મળે છે.ત્યારે મગફળીનું વાવેતર કરતા સર્વે ખેડૂતોને સફેદ ધૈણ (મુંડા)ના નિયંત્રણ માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રાથમિક અખતરાઓ તેમજ ભલામણના આધારે સંકલીત નિયંત્રણના ઉપાયો હાલ સમયસર લેવા માટે સૂચવવામાં આવ્યું છે.

ખેતરના શેઢાપાળા પરના ઝાડ પર સફેદ ધૈણના પુખ્ત ઢાલીયા કીટકોના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦% ઈ.સી. દવાનો (૧૫ લીટર પાણીમાં ૨૦ મીલી પ્રમાણે) છંટકાવ કરવો. સફેદ ધૈણના પુખ્ત ઢાલીયા કીટકને પકડવા રાત્રીના સમયે વિઘે ૧ મુજબ પ્રકાશ પિંજર ગોઠવવા જોઈએ.

મગફળીમાં સફેદ ધૈણ (મુંડા)નાં અસરકારક નિયંત્રણ માટે એક વીઘે ૧.૫ કીલો ગીર સાવજ બ્યુવેરીયા અથવા ગીર સાવજ મેટારીઝીયમ ૫૦ કીલો એરંડીના ખોળ સાથે ભેળવી જમીનમાં આપવાની પણ ભલામણ કરવામાં આવી છે. મગફળીના ઉગવાના ૩૦ થી ૩૫ દિવસ બાદ ૧.૫ કીલો ગીર સાવજ બ્યુવેરીયા અથવા ગીર સાવજ મેટારીઝીયમ એક વીઘા મુજબ પાણી સાથે જમીનમાં આપવાની ભલામણ છે. ઉપરાંત ઉભા પાકમાં ઉપદ્રવ જોવા મળે ત્યારે કલોરપાયરીફોસ ૧૦ જી દાણાદાર દવા ૧ થી ૧.૫ કીલો પ્રતિ વીઘા મુજબ અથવા કાર્બોફયુરાન ૩ જી દાણાદાર દવા ૪-૫ કિલો પ્રતિ વીઘા મુજબ રેતી સાથે ભેળવી જમીનમાં આપી શકાય. તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. વી. પી. ચોવટીયાની યાદી જણાવાયું છે.

# ડો.હરીભાઈ ગોધાણી કેમ્પસ જોષીપુરા ખાતે સ્વાતંત્ર્ય દિનની થયેલ ઉજવણી




જૂનાગઢ, તા.૧૯

આઝાદીના પાવન પર્વ નિમિત્તે ડો.હરીભાઈ ગોયાણી કેમ્પસ જોષીપુરા, જૂનાગઢ ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી જે નિમિત્તે ધ્વજવંદન સંસ્થાના જોઈન્ટ મેનેજીગ ટ્રસ્ટી મુણાલિનીબેન એચ. ગોધાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ સતત આગળ વધે અને આપણા દેશ માટે કંઈક કરી બતાવે અને પોતાના માતા-પિતાનું નામ રોશન કરે તેવા આશીર્વાદ આપ્યા હતા ત્યારબાદ સાંસ્કૃતિક રંગમંચ ઉપર વિવિધ પ્રકાશની જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ સંસ્થામાં અભ્યાસ કરતી દિકરીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી અને સંસ્થાના ટ્રસ્ટી ચુનીભાઈ રાખોલીયા દ્વારા પાસંગિક પ્રવચન આપ્યું હતું. આ સ્વાતંત્રય દિવસની ઉજવણી ખુબ ભવ્ય કરવા બદલ વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફગણનો સંસ્થાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા તેમજ સમગ્ર ટ્રસ્ટી ગણે આભાર વ્યકત કર્યો હતો.

# અલ્ટ્રા મોડેલ શાળા પરીવાર દ્વારા સ્વાતંત્ર્ય પર્વની થયેલ ભવ્ય ઉજવણી

જૂનાગઢ, તા.૧૯



૭૭ માં સ્વાતંત્રતા દિવસે અલ્ટ્રા મોડેલ શાળા પરિવાર દ્વારા ખૂબ જ ધામધૂમથી સ્વાતંત્રતા દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં નિવૃત આર્મીમેન સિકંદરભાઈ , રેહાનખાન બાબી, યંગ સર્કલ પ્રમુખ રજાકભાઈ રાઠોડ દ્વારા ધ્વજની આન, બાન અને શાન સાથે ધ્વજ વંદન કરી સાચા અર્થમાં વીર શહીદોને શ્રદધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ સમારંભના મુખ્ય મહેમાનશ્રી નિવૃત આર્મીમેન સિકંદરભાઈ , લઘુમતી મોરચાના પૂર્વ મહામંત્રી રેહાનખાન બાબી, યંગ સર્કલ પ્રમુખ રજાકભાઈ રાઠોડ દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું જેમાં દેશની એકતાનાં સંદેશ દ્વારા લોકોની સુખાકારી અને સોર્ય ની ગાથા તેમજ ઉન્નતિ પ્રગતિ માટે દેશ હિત લીક હિત ના સહભાગી થવા અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત ત્રણેય મહાનુભાવાના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામો વિતરણ કરવામાં આવ્યા અને ત્યાર બાદ ત્રણેય મહાનુભાવા દ્વારા "તિરંગા યાત્રા"ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું. આ રેલી ખામધ્રોલ ફાટક આસપાસના તમામ વિસ્તારોમાં દેશ ભકિતના સૂત્રોચાર અને હાથોમાં તિરંગા સાથ રેલી કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક મૌલાના હબીબુલ્લા મિસ્બાહિ, જતિનભાઈ પંડયા અને અજીમભાઈ ટાંક તેમજ શિક્ષકો, વિદ્યાર્થીઓ તમામ ખૂબ જ ઉત્સાહપૂર્વક પોતાનું યોગદાન આપ્યું હતું.

# સોમનાથ મહિલા પોલીસ સ્ટેશન નવનિયુકત પોલીસ સબ ઈન્સ રાકેશ મારૂએ ચાર્જ સંભાળ્યો

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૯




સમગ્ર ગીર-સોમનાથ જીલ્લાના પ્રભાસ પાટણ મહિલા પોલીસ સ્ટેશનના નવનિયુકત પોલીસ ઈન્સ.આર.એચ. મારૂએ ચાર્જ સંભાળ્યો. અમરેલી જીલ્લાના સાવરકુંડલા વતની તેઓ એમ.એ. બી.એડ. ઉપરાંત માસ્ટર ઓફ જર્નાલીઝમ ગોલ્ડ મેડલીસ્ટ છે. આ અગાઉ સુરત, રાંદેર, પ્રભાસ પાટણ, ગીર સોમનાથ એસઓજી, તાલાળા વગેરે સ્થળોએ મહત્વના ગુન્હાઓ ઉકેલ, ગેરકાનુની પ્રવૃતિઓ પકડવાની નોંધપાત્ર કામગીરીઓ બજાવી છે. સ્ટાફે તેમને આવકાર આપ્યો અને હાજર થતા જ ફરજ કાર્યરત થયા.

# ઉના : વેદ માતા ગાયત્રી મંદિર ખાતે વાર્ષિક પાટોત્સવની આજે ઉજવણી

## અગિયાર દંપતીઓ દ્વારા થશે યજ્ઞની વિધી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૯



ઉના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ શિક્ષક સોસાયટી પાસે ૨૮ વર્ષ પહેલા બ્રહ્મલીન સંત સ્વામિ શ્રી, સત્યાનંદ સરસ્વતિ બાપુ (તપોવન આશ્રના આશિર્વાદથી ભક્તજનોના તન મન અને ધનના સહકારથી સુંદર વિશાળ વેદ માતા ગાયત્રી માતાજીનું મંદિરનું નિર્માણ કાર્ય પૂરૂ થયું હતું અને તેમાં દિવ્ય તેજ વાળી પંચ મુખી ગાયત્રી માતાજીની મૂર્તિ પ્રિષ્ઠા કરવા મા આવેલ હતી, તેમનો ૨૮મો વાર્ષિક પાટોત્સવ આજે તા.૧૯/૮/૨૦૨૩ને શનિવારથી ત્રણ દિવસનો હોમાત્મક શતચંડી યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે જેમાં મુખ્ય યજમાન પદે ડો. પ્રિન્સ વિજયભાઈ જોશી સહિત અગિયાર દંપતીઓ સાથે બિરાજશે યજ્ઞની વિધિ આચાર્ય ચેતનભાઈ જયકૃષ્ણભાઈ દવે (પ્રભાસ પાટણ) અને વિદ્વાન બ્રાહ્મણ ઓ દ્વારા કરવામાં આવશે પ્રથમ દિવસે માતાજી, ગણપતિજી, હનુમાનજીની મૂર્તિ ને મહાભિષેક કરાશે, જલ યાત્રા, યજ્ઞ યોજાશે ૧૯/૮ના રાત્રિના લોક ડાયરો યોજાશે યજ્ઞનું બિડા હોમ તા,૨૧/૮ને સોમવારે સાંજે ૫ કલાકે યોજાશે ત્યારબાદ મહાઆરતી કરવામાં આવશે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી ગરબી મંડળ ના તમામ સભ્યો ખુબ જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ જૂનાગઢ દ્વારા કૃષિ યુનિવર્સિટી ખાતે ધ્વજવંદન યોજાયું




જૂનાગઢ, તા.૧૯

વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ જૂનાગઢ દ્વારા કૃષિ યુનિવર્સિટી ખાતે ધ્વજવંદન કરવામાં આવ્યું તેમજ વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગના જૂનાગઢ વિભાગના હોદ્દેદારોને નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા તેમજ મેરી માટે મેરા દેશ અંતર્ગત વિશ્વ ગુજરાતી સમાજ જૂનાગઢ દ્વારા કૃષિ યુનિવર્સિટી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિશ્વ ગુજરાતી સમાજ જૂનાગઢ દ્વારા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ચોવટીયાનું વિશેષ સન્માન સંસ્થા વતી ડો. જીતુભાઈ ખુમાણ દ્વારાકરવામાં આવ્યું હતું. વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ ગુજરાત પ્રદેશના કારોબારી મેમ્બર ડો. જીતુભાઈ ખુમાણ જણાવ્યું હતું કે, આવનારા સમયમાં વિશ્વ ગુજરાતી સમાજ અનેક પ્રકલ્પો સાથે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ જૂનાગઢમાં શરૂ કરશે તેમજ સમગ્ર જૂનાગઢ જિલ્લાની દરેક વિધાનસભામાં વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ સંગઠનની રચના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશ્વ ગુજરાતી સમાજના હાર્દિકભાઈ, રાજેશભાઈ ટાંક, પ્રકાશભાઈ મહેતા, રજતભાઈ પાંભર, મિલનભાઈ ડોબરીયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### આજે ૧૯ ઓગષ્ટ વિશ્વ ફોટોગ્રાફી દિવસ

# સોમનાથ મંદિર પાસેના વિસ્તારમાં ૩૦૦થી વધુ ફોટો પાડવાવાળા પરિવારોના ઘરનો ચુલો યાંત્રિક ફોટો પાડી આજીવીકા મેળવે છે




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરને આજે વિશ્વ ફોટોગ્રાફી દિવસે એટલે કરીએ કે લગભગ ૩૦૦ જેટલા ફોટોગ્રાફરો,સોમનાથ મંદિર, દરીયાકાંઠા, ત્રિવેણી, ભીડીયા, બાણગંગા પાસે સોમનાથ દર્શનાર્થે આવતા યાત્રિકો-પ્રવાસીઓના ફોટા પાડી ગુજરાન ચલાવે છે. વિજય બામણીયા અને રાજુભાઈ ગઢીયા કહે છે મોબાઈલનો જમાનો આવતાં અમારા ધંધાને ખુબ ધકકો પહોંચ્યો છે. અમારા ફોટોગ્રાફ એસોસીએશન પ્રમાણીકતા અને યાત્રિક દરિયામાં ડુબવા સમયે તેવા પરિવારો અને પોલીસની પડખે રહે છે. જુના જમાનામાં અમો મંદિર પાસે કે દરિયા બીચ ઉપર ફોટો પાડતા તે કોડક કંપનીના રોલથી પાડતા અને તે રોલ બહારગામ ધોવા જાય અને અઠવાડીયે પંદર દિવસે પડાયેલ ફોટાઓનું પાર્સલ આવે જે ખુલી સંબંધકર્તાઓને તેઓએ આપેલ સરનામા મુજબ પોસ્ટ કુરીયરથી મોકલી આપતા. આજે યુગ આગળ વધ્યો છે કોઈ યાંત્રિક અહીં ફોટો પડાવે તો તેને પાંચ મીનીટમાં જ ડીલીવરી આપી દઈએ છીએ અને એ તસ્વીરો કાઢવા માટે સોમનાથ મંદિર અને સમુદ્ર આસપાસ ચારથી પાંચ લેબોરેટરી છે. સોમનાથ મંદિર પાસે મંદિર દેખાય તે રીતે પરિવાર કે વ્યકિત ઉભે કોઈ હાથ ઉંચા કરી હર હર શંભુ બોલે તો કોઈ ચંદન ખાસ ફોટા માટે લગાવી સોમનાથ યાત્રાની સ્મૃતિ સમાન ફોટા પડાવે. અહીં જૂનાગઢ, કેશોદ, માળીયા સહિતના જુદા જુદા ગામોથી ટ્રેન બસમાં અપડાઉન કરી ફોટોગ્રાફરો આવે છે. અને પોતાનું જીવન ગુજારો કરી આજીવીકા મેળવે છે. અમો દર વરસે સોમનાથ દાદાને ધજા ચઢાવીએ છીએ. સમુદ્ર ચોપાટી ઉપર યાત્રિકો કેમલ સવારી, હોર્ષ સવારી કે સમુદ્ર દર્શન કરતા હોંશે હોંશે ફોટો પડાવે છે. અમારા દરેક ફોટોગ્રાફરોને યુનીફોર્મ-કાર્ડ છે. સમુદ્ર કિનારે કે મંદિર પાસે ફોટો પડાવતી વખતે કે બાદમાં કે બિનવારસી પર્સ મોબાઈલ મળે તો પોલીસને સુપ્રત કરીએ છીએ અને દરીયામાં કોઈ ડુબવાનો બનાવ બને ત્યારે પોલસ અને તેના પરિવારને ઉપયોગી બનીએ છીએ. અમારામાંના કેટલાકે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીથી કલર ફોટોગ્રાફી કલીક યાત્રા કરી છે. અમો ફોટાઓને લેમીનેશન કરી ટકી શકે તેવો પ્રબંધ કરી આપીએ પણ છીએ.

# ધામળેજ ગામે શ્રી નળેશ્વર શીમ શાળાના નવા બિલ્ડિંગનું ઉદઘાટન કરતા સરપંચ ઓઘડભાઈ વાળા



(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે આવેલી શ્રી નળેશ્વર શીમ શાળાના નવા બિલ્ડિંગનું સરપંચ ઓઘડભાઈ વાળા હસ્તે લોકાર્પણ કરીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સૌપ્રથમ ગામના સરપંચ પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય તથા ગ્રામજનોને હાજરીમાં ખુલ્લું મુકવામાં આવ્યું હતું અને સ્વતંત્ર દિવસ હોય ત્યારે શ્રી નડેશ્વર સીમશાળા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે શ્રી નળેશ્વર સીમ શાળાના નવા બિલ્ડિંગનું રૂા.૧,૨૫,૦૦૦૦૦ ખાતમુહૂર્ત ધામરેજ ગામના સરપંચ ઓઘડભાઈ વાળાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય શામજીભાઈ વંશ તેમજ ધામળેજ ગામના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળા ખાતે સ્વતંત્ર પર્વને ઉજવણીના અને કાર્યક્રમ યોજાયા હતા. શાળાના બાળકો દ્વારા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને સ્વાતંત્ર પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

# સૂત્રાપાડા તાલુકા પંચાયત દ્વારા ૧૫ નાણાપંચની ગ્રાન્ટમાંથી ત્રણ એમ્બ્યુલસનું લોકાર્પણ



(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

સુત્રાપાડા તાલુકા પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ત્રણ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને સુત્રાપાડા ખાતે મેરી માટી મેરા દેશના કાર્યક્રમ પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સુત્રાપાડા વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના પ્રતિનિધિ વિજય બારડના અધ્યક્ષ સ્થાને રાખેલ હતું. આ કાર્યક્રમમાં સુત્રાપાડા તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ અશ્વિનભાઈ પરમાર, ઉપપ્રમુખ ખીમાભાઈ, કારોબારી સમિતિના ચેરમેન હમીરભાઈ વાડિયા, ચેરમેન વનીતાબેન વિનુભાઈ ચાવડા, સુત્રાપાડા મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી સુત્રાપાડા તથા પીએસઆઈ સુત્રાપાડા તથા જિલ્લા પંચાયતના સદસ્ય જયાબેનના પ્રતિનિધિ જાદવભાઈ ભોળા તથા જિલ્લા પંચાયતના સદસ્ય અરશીભાઈ ચાવડા, તાલુકા ભાજપ પ્રમુખ ભગવાનભાઈ બારડ, તાલુકા પંચાયતના સદસ્ય જયંતીભાઈ બારડ, મહેન્દ્રભાઈ રામ, પ્રતાપભાઈ પરમાર, પંચાયતના ગ્રામ પંચાયતના સરપંચો, તાલુકા પંચાયત સદસ્ય ભાવશીભાઈ ગોહિલ, રમેશભાઈ, વીરસિંહભાઈ, વહીવટી તંત્ર, સુત્રાપાડા તાલુકા પંચાયત મામલતદાર કચેરી આ પ્રસંગે લોઢવા હરણાસા તથા થરેલી ગામને ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ૨૫ લાખના ખર્ચે ત્રણ નવી એમ્બ્યુલન્સ મંજૂર થયેલ તે એમ્બ્યુલન્સનું લોકાર્પણ પદાધિકારીની હાજરીમાં અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય ભગવાનના પ્રતિનિધિ વિજય બારડના હસ્તે અને તાલુકા પંચાયતના પ્રમુખ અશ્વિનભાઈ પરમારના દ્વારા કરવામાં આવેલ હતું.

# યાત્રાધામ પ્રાંચી તીર્થ ખાતે દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા, પિતૃ તર્પણ માટે ભાવિકો ઉમટયા




(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે યાત્રિકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. અમાસ નિમિત્તે પુરોવાહીની સરસ્વતી નદીમાં સ્નાન કરવા મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ છલકાયો હતો. આ દિવસ નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિકોએ પિતૃ તર્પણ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પ્રાચી તીર્થની પવિત્ર ભૂમિ ઉપરથી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી વહે છે. જે જગતની એક માત્ર નદી છે જે પૂર્વદિશામાં સૂર્યની સામે વહે છે. જેથી આ પવિત્ર સરસ્વતી નદીને પૂર્વ વાહીની નદી કહેવાય છે. તેમાં સ્નાન કરવા માટે માનવ મહેરામણ ઉમટયો હતો. આ તીર્થની ભૂમિ ઉપર ધર્મરાજ યુધિષ્ઠિરે પિતૃ તર્પણ કર્યું હતું. આ તીર્થ ક્ષેત્રમાંથી પસાર થતી સરસ્વતી નદીમાં સ્નાન કરવાથી પાપમાંથી મુક્ત થાય છે અને ધર્મરાજાએ વાવેલા મોક્ષ પીપળાને પાણી રેડવાથી પિતૃ તર્પણનું કાશી કરતા પણ અન્નતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. શ્રીમદ ભાગવતપુરાણ મુજબ શ્રદ્ધકાર્ય કે મૃતક પાછળ આત્માન મુક્તિ નીમીતે કર્મકાંડ કરવામાં આવે છે. સાથે સાથે પ્રાચી તીર્થમાં મોક્ષ પીપળા નીચે ભગવાન શ્રી કૃષ્ણ એ । યદુકુળનો મોક્ષ કર્યો હતો તેમજ આ મોક્ષ પીપળા નીચે શ્રી મહાપ્રભુજી ભગવાને ઉધ્ધવને છેવટનું જ્ઞાન આપ્યું હતું. શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી પ્રાચીથી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી કિનારે માધવરાયજી સ્વરૂપે પ્રગટ થયા હતા. જે હાલ સરસ્વતી કિનારે જાંબુડાના ઝાડ નીચે બિરાજ માન છે. હાલમાં પણ સરસ્વતી નદીમાં નવા નીર આવે એટલે સરસ્વતી નદી માધવરાયજી તેમજ લક્ષ્મીજીના ચરણ સ્પર્શકરી આગળ વધે છે. દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડી પૂજા અસના કરી ૧૦૮ પ્રદિક્ષણા ફરી બ્રાહ્મણોને યથાશક્તિ દાન દક્ષિણ આપી પુણ્યનું ભાથું બાંધે છે. તેમજ સરસ્વતી ઘાટ ઉપર અન્નપૂર્ણા માતાજી તેમજ વધેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. તેમજ સરસ્વતી નદી કિનારે અતિ પુરાણી છ છ શિવ મંદિર આવેલા છે. જેમાં વિઠલેશ્વવર મહાદેવ, દેવ દેવેશ્વર મહાદેવ, ગોવિદેશ્વર મહાદેવ, અર્જુનેશ્વર મહાદેવ, શિદ્ધેસ્વર મહાદેવ અને પૃથવેશ્વર મહાદેવ મંદિરના શ્રદ્ધાપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવે છે. અમાસના પાવન દિવસ નિમિત્તે આ સરસ્વતીઘાટ ઉપર વિધિ કરવાનું અનેરૂ મહત્વ છે. જેમાં નારાયણ બલી, પ્રેત બલી, બભૃ શ્રાદ્ધ, લિલ કાર્ય, ત્રીપિંડી, સર્વે પિતૃ શ્રાદ્ધ, કાલ સર્પ યોગ, વગેરે કર્મ કાંડ વિધિ કરવામાં આવે છે. અમાસ નિમિત્તો ભાવ ભક્તિ તથા ભજનના ત્રિવેણી સંગમમાં ડૂબકી મારીને પોતાની ધન્યતા અનુભવાતા જોવા મળે છે. ભારતભરમાંથી અમાસે સોવાર કાશી એકવાર પ્રાંચી તીર્થમાં હજારો યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઉમટયા હતા અને પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

# રાજસ્થાન રામદેવળા પગપાળા યાત્રા પૂર્ણ કરી પ્રાચી પહોંચેલા યુવાનોનું ભવ્ય સ્વાગત કરાયું



(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૯

ગીર-સોમનાથ જિલ્લાના રોણાંજ ગામથી રામદેવપીરજી મહારાજના ભકતો દ્વારા પગપાળા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં રોણા જ ગામ તથા પ્રાચી ગામના યુવાનો પગપાળા રાજસ્થાન રામદેવળા રામદેવપીરજી મહારાજના મંદિર ખાતે પહોંચ્યા હતા. તેઓ ૨૬ દિવસ ના પગપાળા યાત્રા કરી રામદેવળા પહોંચ્યા હતા. ત્યાં તેઓએ ધ્વજ રોહણ કર્યું હતું. રામદેવપીરજી મહારાજના આશીર્વાદ લઈ વતન પરત ફર્યા હતા. પ્રાચી તીર્થ તથા રોણા જ ગામે ભક્તોનો ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. રોણા જ ખાતે રામદેવપીરજી મહારાજના મંદિરે ધ્વજાં રોહણ કરવામાં આવ્યું હતું. રોણાજ ગામ તથા પ્રાચી ગામ દ્વારા યુવાનોનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

# શ્રાવણ માસના પવિત્ર શનિવાર નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને ફ્રુટના વાઘા, ફ્રુટનો દિવ્ય શણગાર અને ફ્રુટનો અન્નકૂટ




(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૯

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણમાસના પવિત્ર શનિવારે તા.૧૯-૦૮-૨૦૨૩ના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય ફ્રુટના વાઘા તેમજ ફ્રુટનો દિવ્ય શણગાર કરવામાં આવેલ અને સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. તેમજ બપોરે ૧૧:૧૫ કલાકે દાદાને કેરી, સફરજન, દ્રાક્ષ, મોસંબી વિગેરે ફળોનો અન્નકૂટ ધરવામાં આવેલ તથા અન્નકૂટ આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ. મંદિરના પટાંગણમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શન તથા મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# બિલખાના પૂર્વ સરપંચ મહેન્દ્ર નાગ્રેચાનો આજે જન્મ દિવસ : અભિનંદનની વર્ષા



જૂનાગઢ તા. ૧૯

બિલખાના પૂર્વ માજી સરપંચ મહેન્દ્ર નાગ્રેચાનો આજે જન્મ દિવસ છે તે નિમિત્તે મિત્રો, શુભેચ્છકો તરફથી તેમના મો. નં. ૮૪૮૮૮ ૧૬૨૫૩ ઉપર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાની આજે જોગાનુજોગ ૧૧૧મી જન્મ જયંતિ છે. આ સાથે જ દાદાનાં જન્મ દિવસ અને પૌત્ર મહેન્દ્ર નાગ્રેચાનો પણ જન્મ દિવસ હોય જેને લઈને પણ શુભેચ્છાનો ધોધ વરસી રહયો છે.

# વંથલી તાબાના શાપુર ગામથી કોયલી ફાટક તરફ જતા માર્ગ ઉપર જુગાર દરોડો : સાત ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

વંથલી પોલીસે ગઈકાલે શાપુર ગામથી કોયલી ફાટક તરફ જતા રોડની બાજુમાં આવેલા એક મકાનની નજીક ઝાડ નીચે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂા.૧૫૦૪૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે.

**મેંદરડાના ખીજળીયા ગામની સીમમાં જુગાર દરોડો**

મેંદરડા તાલુકાના ખીજળીયા ગામની સીમમાં અજાબ રોડ ઉપર પોલીસે જુગાર અંગે દરોડો પાડી ત્રણ શખ્સોને રૂા.૧૧૬૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

**જૂનાગઢમાં જુગાર દરોડો : ત્રણ ઝડપાયા**

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગેંડાઅગર રોડ, ટેલીફોન એકસચેન્જ નજીક ઢોરા ઉપર જુગાર અંગે દરોડો પાડતા ત્રણ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૬,૧૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ એસટી વિભાગ દ્વારા સફાઈ ઝુંબેશ



જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢમાં તા.૧૮/૮/૨૦૨૩ના રોજ જૂનાગઢ બસ સ્ટેશન ખાતે વિભાગીય નિયામક શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ સઘન સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું તેમ ડેપો મેનેજર વિમલભાઈ મકવાણાની યાદીમાં જણાવેલ છે.

(તસ્વીર : જયેશ મહેતા)


# જૂનાગઢ : સરદારપરા પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢનાં સરદારપરા વિસ્તારમાં આવેલ સરદારપરા પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ તકે શાળાનાં વિકલાંગ નાના વિદ્યાર્થીએ ધ્વજવંદન કરેલ હતું. આ તકે શાળાનાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ઉપસ્થિત સૌનાં દિલ જીતી લીધા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય મેસવાણીયા યોગેશકુમાર એમ. તથા સ્ટાફના દયાબેન સરખેલીયા, ભાવેશાબેન ગધેસરીયા, મેરીનાબેન ગામીત, હિતેષભાઈ નાઘેરા, અતુલકુમાર રાઠોડ, અનસુયાબેન કાથડ, ચેતનકુમાર ચૌહાણ, રાજેન્દ્રસિંહ કરંગીયાએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે એસએમસીના અધ્યક્ષ હિરેનભાઈ વઢવાણા તેમજ પ્રો. સભ્ય શીલ્પાબેન ભેસાણીયા, વડીલ કનુદાદા, પત્રકાર પ્રકાશભાઈ ભાદરકા સહીતના વાલીગણ ઉપસ્થિત રહયા હતાં.

# માણાવદરમાં દેશભકિત ગીતોનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરી માટી, મેરા દેશ કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવી છે. ત્યારે જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકામા તા.૧૮-૮-૨૦૨૩ના રોજ શીલાફલકમ કાર્યક્રમ યોજવામાં આવેલો છે આ કાર્યક્રમ જૂનાગઢના માણાવદર સરકારી હાઈસ્કુલમાં ૯.૦૦ કલાકે યોજાયેલ છે જેમાં ખ્યાતનામ કલાકાર લોકગાયક નરેશ રાવલના ગુપ દ્વારા પોતાની આગવી શૈલીમાં દેશભક્તિગીતો તથા ભજનો રાજ્યના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જૂનાગઢ અને માણાવદર તાલુકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શહેરની જાહેર જનતાને આ કાર્યક્રમ બહોળી સંખ્યામા નિહાળેલ છે.

# જૂનાગઢમાં સ્વામીનારાયણ મુખ્ય મંદિરે શ્રાવણ માસ દરમ્યાન યોજાયેલ શ્રી હરીકથાનો લાભ લેતા ભાવિકો

## અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઠાકોરજીના સાંનિધ્યમાં ભકિતરસ છલકાયો : હરિભકતોને ઘર આંગણે સત્સંગ કથાનો મળ્યો લાભ










જૂનાગઢ તા.૧૯ પવિત્ર શ્રાવણ માસનો આજથી શુભારંભ થયો છે ત્યારે જૂનાગઢમાં શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આખા માસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્યમંદિર કે જયાં ભગવાન સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવોને પોતાના હાથે પધરાવવામાં આવેલ છે. અને અહી બિરાજતા ઠાકોરજી ભાવિકોની મનોકામના પુર્ણ કરે છે આવા ભકતોની આસ્થાના કેન્દ્ર સમાં ધામમાં શ્રાવણ માસના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજથી દરરોજ બપોરે ૪ થી ૭ દરમ્યાન હરી કથાનો કાર્યક્રમ યોજાશે. જેમાં તા.૧૭થી ૨૪ ઓગષ્ટ દરમ્યાન ભકત ચિંતામણી કથા યોજાશે. વકતા તરીકે શાસ્ત્રી સ્વામી ઋષિકેશદાસજી ભોજપરા આર્શીવચન પાઠવશે. જયારે તા.૨૫થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન શ્રી રામ કથા, વકતા તરીકે સ્વામી નંદકિશોરદાસજી કાળવા ગુરૂકુળ આર્શીવચન આપશે. તા.૧થી ૯ સપ્ટેમ્બર શ્રીમદ ભાગવત નવાન્હ કથા જેમાં વકતા તરીકે શાસ્ત્રી સ્વામી કુંજ બિહારીદાસ જૂનાગઢ આર્શિવચન આપશે. જયારે તા.૧૦થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી પુરૂષોતમ પ્રકાશ પારાયણ વકતા તરીકે પુ.સ્વામિ પુર્ણસ્વરૂપદાસજી સરધાર આર્શીવચન આપશે. આ ઉપરાંત હોમાત્મક લઘુરૂદ્ર, બિલ્વપત્રથી પુજન, પુષ્પાભિષેક, કેસર જલાભિષેક, ભવ્ય હિંડોળા દર્શન, જન્માષ્ટમી સહિતના કાર્યક્રમો યોજાશે. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધીશ્વર પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય રાકેશપ્રકાશજી મહારાજના આશિર્વાદ સાથે આયોજન થયું છે.

જૂનાગઢ મંદિરના ચેરમેન પુ.કોઠારી દેવનંદન દાસજીની પ્રેણાથી, શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢવાળા) તેમજ કોઠારી સ્વામી પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ, નારાયણસ્વરૂપ સ્વામી, ભંડારી નૌતમ સ્વામી, તીર્થ સ્વરૂપ સ્વામી, પાર્ષદ ચીમનભગત, પૂજારી નરેશભાઈ જોશી, પ્રફુલભાઈ કાપડીયા ખુબ જહેમત ઉઠાવી રહ્યા છે. તા.૩ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરે ૫ થી ૭ રાજકોટના દેવ ઉત્સવ મંડળ દ્વારા શ્રી શિવ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરેલ છે. સંપુર્ણ શ્રાવણ માસ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા ભાવિક ભકતોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# દામોદર કુંડ ખાતે શ્રાવણ માસ નિમિત્તે ભાવિકો ઉમટી પડયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૯

હાલમાં શરૂ થયેલા શ્રાવણ માસ નિમિતે દરરોજ પવિત્ર દામોદર કુંડ ખાતે ભાવિકોનો ધસારો જોવા મળશે. જેમાં ભાવિકો તટ પર બ્રાહ્મણો પાસે હાથ જોડ, પિતૃતર્પણની વિધિઓ પણ કરાવતા હોય છે. શ્રાવણમાસના બીજા દિવસે દામોદર કુંડ ખાતે ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. કુંડમાં લોકોએ સ્નાન કરી પીપળે પિતૃઓને પાણી રેડી રાધા દામોદરજીના દર્શન કરી પૃણ્યનું ભાથુ બાંધ્યું હતું. લોકોએ સ્નાન કરવાની સાથે અનાજ સહિતની વસ્તુઓનું દાનપુણ્ય ઉપર કર્યું હતું. આમ દરરોજ ભવનાથ સ્થિત દામોદર કુંડ ખાતે શ્રાવણ માસ નિમિતે ભાવિકોની ભીડ જોવા મળશે.

# જૂનાગઢમાંથી કારમાંથી ૩૦ પેટી દારૂ ઝડપતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢમાં પોલીસે કાળવા ચોકમાંથી એક કારનો પીછો કરીને ગિરનાર દરવાજા પાસે કારને આંતરીને તલાસી લેતા તેમાંથી ૧.૪૪ લાખનો ૩૦ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કુલ ૩.૯૪ લાખનો મુદામાલ કબ્જે કરીને ફરાર કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે. જૂનાગઢ બી ડીવીઝન પીઆઈ એન.એ. શાહ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે કાળવા ચોક તરફથી ગ્રે કલરની કાર સ્વિફટ નંબર જીજે-૦૪-બી એફ ૬૨૧૧ને અટકાવવા ઈશારો કર્યો હતો પરંતુ કાર ચાલકે પોલીસને જોઈને કાર ભગાવી હતી. પોલીસે કારનો પીછો કરતા કાર ચામુંડા માતાજીના મંદિર પાસે કારનું ટાયર બેસી જતા કાર મુકી ચાલક નાસી ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા તેમાંથી ૧.૪૪ લાખનો વિદેશી દારૂની ૩૬૦ બોટલ મળી આવી હતી. જેને લઈને ભાગી ગયેલા શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો.

# માણાવદર તાલુકાના કોડવાવ ગામે સગીરબાળાની છેડતી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૯

માણાવદર તાલુકાના કોડવાવ ગામે બનેલા એક બનાવમાં સગીર વયની બાળાની છેડતીકર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે કોડવાવ ગામના એક પરિવારે થાપલા ગામના પરેશ કાંતીભાઈ બકોરી વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની દિકરી(ઉ.વ.૧૩) વાળીને પોતાની કેબીને એકલી હાજર હતી ત્યારે આરોપીએ ઠંડા પાણીની બોટલ માંગી લઈ ફરિયાદીની દિકરી ઉપર પાણી ઉડાવી અને હાથ પકડી કેબીનનીબહાર ખેંચવાનો પ્રયત્ન કરી અને અગાઉ અવાર-નવાર ખરાબ મસ્તી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્રમાં ફેરફાર ૧૪૭ કર્મચારીઓની આંતરીક બદલી

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ જીલ્લામાં ૯ તાલુકામાં કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયા દ્વારા ગઈકાલે રાત્રીના જીલ્લામાં ૧૪૭ જેટલા વિવિધ કર્મચારીઓની આતંરીક બદલીઓ કરી છે. જેમાં ૪૦ નાયબ મામલતદાર, ૩૦ કલાર્ક અને ૭૭ તલાટી મંત્રીઓની બદલી થઈ છે.


જય જલારામ

દ્વારકા લોહાણા મહાજનના નવનિયુકત ટ્રસ્ટીઓને

ખૂબ ખૂબ અભિનંદન



ધવલ ટી. ચંદારાણા (પલુભાઈ)

પ્રોપ્રાઈટર : હોટેલ ક્રિષ્ના ઈન

પૂર્વ સદસ્યશ્રી, દ્વારકા નગરપાલિકા (વોર્ડ નં.૭)

શાક માર્કેટ ચોક, દ્વારકા

મો. ૯૮૯૮૪ ૯૦૦૧૯

જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ

(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.

(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો

(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.

(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી

(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..

(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# સ્વાતંત્ર્ય સેનાની સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મ જયંતિએ ભાવવંદના...




બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.

ભાવનાબેન એ.સાબલપરા સરપંચશ્રી ગ્રામ પંચાયત-બીલખા

અનિલભાઈ સાબલપરા ભાજપ અગ્રણી બિલખા



સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.



શ્રી મનીષભાઈ રાઠોડ સદસ્યશ્રી તાલુકા પંચાયત - જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.

પરષોતમભાઈ મહીડા, પ્રકાશભાઈ ખાવડુ, જેન્તીભાઈ ચૌહાણ, મુળજીભાઈ વાણીયા, પ્રવીણભાઈ ચૌહાણ, વિજયભાઈ ખાવડુ(પ્રમુખશ્રી)

દલીત સમાજના આગ્રેવાનો - બીલખા

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.



શ્રી હર્ષદભાઈ રીબડીયા પુર્વ ધારાસભ્ય અને ભાજપા આગેવાન વિસાવદર - વિધાનસભા

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.



સોયેબભાઈ ચોટલીયા ઉપસરપંચશ્રી ગ્રામ પંચાયત-બીલખા

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.



શ્રી અનકભાઈ ભોજક સદસ્યશ્રી જીલ્લા પંચાયત - જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦



બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન

બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

લી.



શ્રી કિશનભાઈ રીબડીયા સામાજીક કાર્યકર, બીલખા



શ્રી આશીષભાઈ ઘીયા સદસ્યશ્રી, ગ્રામ પંચાયત - બિલખા

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦

બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિએ કોટી કોટી વંદન



બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમીતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

સોયબભાઈ ચોટલીયા ઉપસરપંચશ્રી, હિતેષભાઈ કાંસોદરીયા તલાટી મંત્રીશ્રી, ભાવનાબેન સાબલપરા સરપંચશ્રી

સદસ્યશ્રીઓ

| | |
|---|---|
| મણીબેન દેવકુભાઈ મકવાણા | નિર્મળાબેન અનકભાઈ ધાધલ |
| સરોજબેન અંબાલાલ જયસ્વાલ | કંચનબેન ભનુભાઈ ચુડાસમા |
| મહેશભાઈ જયસુખભાઈ ડોસાણી | વર્ષાબેન મનીષભાઈ રાઠોડ |
| અલ્તાફભાઈ ગફારભાઈ ચૌહાણ | ચંદાબેન ભરતભાઈ ભોજક |
| ઈમ્તીયાઝભાઈ સીદીક મહમદભાઈ માલવીયા | રમજુબેન હમીરભાઈ વાળા |
| જયેશભાઈ હિમ્મતભાઈ ધાધલ | રણજીતભાઈ ચાપરાજભાઈ બાબરીયા |

તેમજ તમામ કર્મચારી ગણ - ગ્રામ પંચાયત - બિલખા

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦

જય રઘુવંશ

બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતીએ કોટી કોટી વંદન



બિલખા અને લોહરાણા સમાજની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન

હિતેષભાઈ કંટારીયા પ્રમુખ શ્રી લોહાણા મહાજન બિલખા કારોબારી સદસ્ય શ્રી લોહાણા મહાપરિષદ

કુંજેશભાઈ સોઢા ઉપપ્રમુખ શ્રી લોહાણા મહાજન બિલખા

રાજુભાઈ સેજપાલ ખજાનચી શ્રી લોહાણા મહાજન બિલખા

સંજયભાઈ સેલાણી સહ ખજાનચી શ્રી લોહાણા મહાજન બિલખા


કેતનભાઈ લુકા કારોબારી સદસ્ય શ્રી લોહાણા મહાજન બિલખા

અમીતભાઈ ગણાત્રા પ્રમુખશ્રી રઘુવીર સેના

લોહાણા સમાજના તમામ અગ્રણીઓની કોટી કોટી વંદન

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦

બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિએ કોટી કોટી વંદન



બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમીતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

લી.



DIRECTOR - HITESHBHAI BOGHARA

310, RAYJINAGAR SHOPPING CENTER, JUNAGADH

Decora Agritech Pvt. Ltd

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦

બિલખાના સ્વાતંત્ર્ય સેનાની સ્વ.શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિએ કોટી કોટી વંદન



બિલખાની શાન અને ગૌરવ સમાન સ્વાતંત્ર્ય સેનાની સ્વ. શ્રી દુર્લભજીભાઈ નાગ્રેચાની ૧૧૧મી જન્મજયંતિ નિમીતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

લી.



સંચાલકશ્રી : પરેશભાઈ વોરા

શ્રી વિવેકાનંદ સ્કુલ - બિલખા

બિલનાથ મંદિર પાસે, રિબડીયા પ્લોટ - બિલખા

pareshvora268@gmail.com 99255 89244

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ - બીલખા ૮૦૦૦૨૬૪૦૫૦